સુવિચાર

બીજા સાથે પોતાની તુલના કરશો નહીં. બીજા કરતાં વધારે કાબેલ થવાના પ્રયાસ કરો. કાબેલ બનો, કામયાબી દોડતી આવશે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૮/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૧૨


## અમરેલીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવામાં તમામ પક્ષનાં નેતાઓ નિષ્ફળ સાબિત થયા

# જનતાએ ઘંટારવ કરીને નેતાઓને કુંભકર્ણની નિંદ્રામાંથી જગાડવાનો કર્યો પ્રયાસ

### દાયકાઓથી જનતા જનાર્દન બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગે અને એકપણ નેતાને કશી જ ચિંતા નથી

### જિલ્લાનાં દિલ્હી કક્ષાનાં નેતાની આર્થિક સ્થિતિ બુલેટ ટ્રેનની ઝડપે આગળ વધી અને જનતા બાબા ગાડીનાં સહારે

### મિશન બ્રોડગેજ અંતર્ગત અમરેલી ખાતે જાગૃત નાગરિકો દ્વારા નાગનાથ મંદિરે ઘંટારવ કાર્યક્રમ યોજાયો

### ધારી ખાતે ૨૪ ઓગષ્ટનાં રોજ જાગૃત નાગરિકો દ્વારા રેલ્વે સુવિધા અંગે આવેદનપત્ર પાઠવાશે

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં બ્રોડગેજ લાઈનની માંગણી સાથે ૩૫ વર્ષોથી લડત ચાલતી હોવા છતાં પણ માત્ર લોલીપોપ આપીને કોઈ જ નકકર કાર્યવાહી ન કરનારા તંત્ર તથા જનપ્રતિનિધિઓને જગાડવા માટે લોકો ધ્વારા ઘંટારવ કરી, થાળીઓ વગાડીને નેતાઓને કુંભકર્ણની નિંદ્રામાંથી જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લા મથક હોવા છતાં આજના બુલેટ ટ્રેનનાં જમાનામાં હજુ સુધી બ્રોડગેજ લાઈન પણ આવી નથી અને આ માટે અમરેલીનાં લોકો છેલ્લા ૩૫ વર્ષથી લડત ચલાવે છે પણ યેનકેન કારણોથી કોઈ જ નકકર કાર્યવાહી થતી નથી અને નેતાઓ તથા તંત્રના લોલીપોપથી લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. વર્ષોથી બ્રોડગેજના અભાવે લાંબા અંતરની કનેકટીવીટી ન મળવાનાં કારણે અમરેલીનો વિકાસ થતો નથી. હજારો યુવાનો દર વર્ષે રોજગારી માટે

## ધારીમાં બ્રોડગેજ મુદ્દે વિશાળ સભા ૨૪મીએ રેલી સાથે આવેદન અપાશે

અમરેલી, તા. ૨૧

ધારીમાં વર્ષો જૂના રેલ્વે ફાટકનાં પ્રરૂન તથા બ્રોડગેજ લાઈનમાં ધારીને અન્યાય થઈ રહ્યો હોવાથી ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં જંગી જાહેરસભા યોજવામાં આવી હતી અને તેમાં એક જ અવાજે લોકો ધ્વારા અમરેલી અને ચલાલાની સાથે ધારીને પણ બ્રોડગેજ મળે તે માટે બુલંદ અવાજે લડત આપવાનો નિર્ધાર કરાયો હતો. આગામી તા. ૨૪નાં રોજ સવારે ૧૦ કલાકે ધારી રેલ્વે સ્ટેશનની સામે બાલકેશ્વર મહાદેવ મંદિરે એકઠા થશે અને ત્યાંથી ધારી રેલ્વે સ્ટેશનમાં સ્ટેશન માસ્તર તથા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવશે.




અન્યત્ર સ્થળાંતર કરવા માટે મજબૂર બન્યા છે. હવે તો આ પાર કે પેલે પારની લડતના નિર્ધાર સાથે મકકમ રીતે શરૂ થયેલા અમરેલી મિશન બ્રોડગેજ અભિયાન ધ્વારા અનોખો કાર્યક્રમ

અનુસંધાન પાના ૬ ઉપર

### સોશ્યલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર

## ધારી નજીકનાં જંગલ વિસ્તારમાં એલીયન દેખાયાની અફવાથી ભારે આશ્ચર્ય ફેલાયું

### વન વિભાગનાં અધિકારીઓ દ્વારા કરાયો ઈન્કાર

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાનાં ધારી નજીક આવેલ દલખાણીયાથી મીઠાપુર બાજુ જતાં મુંડીયા રાવણી ગામે આવેલ ઓસ્ટ્રલીયાવાળાની વાડીમાં આજે ભેદી આકાર જેવા એલીયર દેખાયાની ચર્ચા વચ્ચે તેમની તસ્વીરો લઈ અને સોશ્યલ મિડીયામાં વાયરલ થતાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ચકચાર જોવા મળતી હતી. જે જગ્યાએ એલીયન જોવા મળ્યા હતા ત્યાં ઝાડી અને ઝાંખરા પણ બળી ગયા હોવાની



ચર્ચા ઉઠવા પામેલ છે.

જો કે આ બનાવ અંગે વન વિભાગનાં અધિકારી ધ્વારા આ માત્ર અફવા હોવાનું જણાવ્યું હતું.

છાશવારે સોશ્યલ મીડિયામાં ખોટી અફવાઓ ફેલાવી લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ ઘણા જ સમયથી થતું હોય છે. ત્યારે માત્ર અખબારનાં અહેવાલ ઉપર લોકોને વિશ્વાવસ હોય આવી ઘટના બને ત્યારે સ્થાનિક પત્રકારોનાં ફોન સતત આ ઘટનાની પુછપરછથી પણ ગુંજી ઉઠે છે.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલા : શંકાસ્પદ એન્ટ્રોઈડ, મોબાઈલ ફોન મુદ્દામાલ તરીકે કબ્જે કરાયા

### રવિભાઈ ઉર્ફે બાડીયાની પુછપરછ શરૂ



રાજુલા, તા.૨૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાએ મિલ્કત સંબંધી ગુનાનાં આરોપીઓને શોધી કાઢી, તેમનાં વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં વણશોધાયેલ ગુનાઓને ડીટેકટ કરવા સુચના એન માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ.સી. એસ.કુગસીયાની રાહબરી હેઠળ ટાઉન બીટ ઈન્ચાર્જ એ.એસ.આઈ. બી.એમ.વાળા તથા હેડ.કોન્સ એમ.પી.ગાજીપરા તથા પોલીસ સ્ટાફે પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા રેલ્વે સ્ટેશન પાસે રવિભાઈ ઉર્ફે 'બાડીયો' ભીખાભાઈ સોલંકીના નામનાં ઈસમને ચોરી/ચળકપટ કરીને કોઈપણ જાતનાં બીલ કે આધાર પુરાવા વગરનાં શંકાસ્પદ મોબાઈલ ફોન લઈને વેચાણ કરવાનાં ઈરાદે નીકળેલ હોવાની

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રી સોમનાથ મંદિરમાં પાલખી પૂજન તથા પાલખી યાત્રા યોજાઈ



શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મંદિરે પરંપરાગત રીતે યોજાતી પાલખીયાત્રામાં સોમનાથ મહાદેવની પાલખીયાત્રાને ગુલાબ, કમળ, બિલ્વપત્ર સહિત પુષ્પહારથી શણગારવામાં આવી હતી. મંદિર પરિસરમાં હર હર મહાદેવ અને જય સોમનાથના નાદ સાથે પરીસરમાં ફરી હતી. આ પ્રસંગે પાલખી પૂજન શ્રી સોમનાથ ટ્રસ્ટના અધિકારી દ્વારા કરવામાં આવેલું હતું. આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના અધિકારી, કર્મચારી, તીર્થ પુરોહિત, દર્શનાર્થીઓ પણ જોડાયા અને ધન્યતા અનુભવી. શ્રાવણ માસના પહેલા સોમવારે શ્રી સોમનાથ મહાદેવને પ્રાતઃશૃંગાર ેત, પીળા પીતાંબર, વિવિધ પુષ્પો તેમજ ભસ્મનો અલૌકિક શૃંગાર કરવામાં આવેલ. જે દર્શનની ઝાંખી કરી ભકતોએ ધન્યતા અનુભવી. સાથે શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ભકતો દ્વારા ઓમ નમઃ શિવાયનો નાદ ગુંજી ઉઠયો.













# અમરેલી ખાતે સુપ્રસિધ્ધ 'કિરણ' લીકવીડ હાઉસનો દબદબાભેર પ્રારંભ



અમરેલી ખાતે લીકવીડ હાઉસનાં ઉદઘાટન પ્રસંગે આગેવાનો રહયાં ઉપસ્થિત. અમરેલી શહેર ભાજપનાં પ્રમુખ અને અમરેલી લોહાણા મહાજનનાં ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા, વિપુલભાઈ સોઢા, ઘનશ્યામભાઈ નાકરાણી તથા ચેતનભાઈ સોઢાનાં નવા સોપાન લીકવીડ હાઉસનાં ઉદઘાટન સમારોહમાં રાજકીય આગેવાનો, કાર્યકર્તાઓ, લોહાણા સમાજનાં આગેવાનો, જ્ઞાતિજનો, સગા–સંબંધી, મિત્ર–મંડળ તથા શહેરનાં દરેક સમાજનાં આગેવાનો તથા શહેરીજનો, વેપારી મિત્રો સહિતનાં લોકો ઉપસ્થિત રહયા હતા અને આ લીકવીડ હાઉસનાં ઉદ્દઘાટન પ્રસંગે ભાવેશભાઈ સોઢા તથા તેમની દીકરીને ભવ્ય સફળતા મેળવો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### પાલિકા, પોલીસની સંયુકત કવાયત

## તૈયારીઓ પૂર્ણ : રાજુલા શહેરમાં આજથી દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે

### નાયબ પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે ફલેગ માર્ચ યોજાઈ

અમરેલી, તા. ૨૧

અમરેલી, સાવરકુંડલા, ધારી સહિતના શહેરી વિસ્તારોમાં દબાણ હટાવ કરાયા બાદ હવે રાજુલામાં વહીવટીતંત્ર દ્વારા દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આવતી કાલ તા. ૨૨થી રાજુલા પાલિકા દ્વારા દબાણ હટાવ કરવામાં આવશે. આ કાર્યવાહી કરતા પહેલા પોલીસે ફલેગ માર્ચ યોજી હતી અને સ્વૈચ્છિક દબાણ હટાવી લેવા અપીલ કરી હતી. કેબીન ધારકો, છાપરા ધારકો, રોડ ઉપર દબાણકારો સહિતને અગાઉ નોટિસો આપી જાણ કરી દેવાય છે.





રાજુલા શહેરના જાફરાબાદ રોડ, ભેરાઈ રોડ, છતડીયા રોડ મહુવા રોડ સહિતની મુખ્ય બજારો તથા વિવિધ વિસ્તારમાં દબાણ દૂર કરવાની કામગીરી આવતી કાલ તા. ૨૨ થી હાથ ધરવામાં આવશે. ચીફ ઓફિસર, પ્રાંત અધિકારી, મામલતદાર, ડીવાયએસપી સહિતના અધિકારી દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવશે.

### શેખવા પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને ૧૧ હજારનું અનુદાન

### પાલિકા ચેરમેન પણ ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૨૧

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલીત સારહી તપોવન આશ્રમની સેવા પ્રવૃતિથી ખુશ થઈને ઉદયભાઈ લખુભાઈ શેખવા તથા આંનદબા ઉદયભાઈ શેખવા તરફથી જન્મ દિવસ અવસરે સારહી તપોવન આશ્રમની મુલાકાત સાથે સારહી તપોવન આશ્રમનાં નિર્માણ કાર્ય માટે રૂા.૧૧,૦૦૦ ની આર્થીક શુભેચ્છા રકમનું અનુદાન કરેલ. સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી હતી. સારહી તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા – પ્રેરણા સ્ત્રોત પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાંઓ પાઠવી હતી. આ તકે અમરેલી નગરપાલિકા કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા ઉપસ્થિત રહયા હતા. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### નગરસેવીકા જયાબેન બારૈયાની કલેકટરને રજુઆત

## અમરેલીની મતદાર યાદીની પ્રસિધ્ધિમાં અનેક છબરડા હોવાનો થયો આક્ષેપ

### એક પરિવારમાં મતદારોના નામો અલગ–અલગ ક્રમોમાં નોંધાયા

અમરેલી, તા. ૨૧

આગામી લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહયા છે ત્યારે જ અમરેલી શહેરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલી મતદાર યાદીમાં અનેક છબરડાઓ જોવા મળી રહયા છે. છબરડાઓની હારમાળા સર્જાતા પાલિકાના એક મહિલા સદસ્યા દ્વારા કલેકટરને રજુઆત કરવામાં આવેલ હતી અને આ અંગે ઘટતુ કરવા માંગ કરાઈ હતી.

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી ક્ષતિરહિત અને અદ્યતન બનાવવા માટે છેલ્લા એક મહિનાથી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ચૂંટણી પંચ દ્વારા નિયુકત થયેલા બીએલઓ દ્વારા ડોર ટુ ડોર મતદારોની મુલાકાત લઈ મતદારોનું ચકાસણી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી.

આ કામગીરી દરમિયાન જ પ્રસિધ્ધ કરવામાં આવેલ મતદાર



યાદીમાં એક જ પરિવારના મતદારોને એક જ ક્રમમાં રાખવાના બદલે અલગ અલગ ક્રમમાં રાખી અને પ્રસિધ્ધ કરવામાં આવતા મતદારોને પોતાના પરિવારોના સભ્યોનું મતદાર યાદીની ચસકાણી કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

આ અંગે નગરસેવિકા જયાબેન બારૈયા દ્વારા ફરજ પરના બીએલઓનું ધ્યાન દોરવામાં આવતા બીએલઓએ જણાવેલ હતુ કે, મતદાર યાદી પ્રસિસિધ્ધીમાં બીએલઓની કોઈ ભૂમિકા હોતી જ નથી તેમને જે મતદાર યાદી પ્રિન્ટ કરીને આપવામાં આવે છે તે મતદારયાદી મુજબની તેઓ કામગીરી કરી રહયા છે. જેથી બીએલઓએ આ અંગે પ્રાંત અધિકારને રજુઆત કરવા જણાવેલ હતુ. પરંતુ પ્રાંત ઓફિસમાં આ અંગેની બીએલઓની અરજી સ્વીકારવામાં ન આવતા જયાબેન બારૈયા દ્વારા મતદાર યાદીમાં સર્જાયેલ ક્રમાંકની ભુલો અંગે કલેકટરને રજુઆત કરવામાં આવેલ હતી.

આ પહેલાની તમામ મતદાર યાદીઓમાં એક જ પરિવારના તમામ મતદારો ફેમિલી ટ્રી મુજબ એક જ ક્રમમાં પ્રસિધ્ધ થયેલા છે. ત્યારે તાજેતરમાં જ પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીમાં સર્જાયેલ મતદાર યાદીના ક્રમાંકના છબરડા અંગે જવાબદાર કોણ ? મતદાર યાદી પ્રસિધ્ધ કરનાર કે બીએલઓ ? આ અંગે તપાસ થવી જરૂરી બની છે.

### પ્રાદેશિક કમિશ્નર દ્વારા ચીફ ઓફિસરને

## અમરેલી પાલિકાનાં કાયમી અને રોજમદાર કર્મચારીઓને બાકી રહેલ પગાર ચુકવવા સુચના

### નગરસેવક ઈકબાલભાઈ બિલખીયા દ્વારા રજુઆત હતી

અમરેલી, તા. ૨૧

અમરેલી પાલિકાના નગરસેવક ઈકબાલભાઈ બિલખીયાએ કરેલી રજુઆતના અનુસંધાને પ્રાદેશિક કમિશ્નર દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને પત્ર પાઠવીને યોગ્ય કરવા સુચના આપવામાં આવી છે.

નગરસેવકે પાલિકાનાં કાયમી અને રોજમદાર કર્મચારીઓનાં બાકી રહેલ બે માસનાં ચડત ચુકવવા માટે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ. જે અનુસંધાને ચીફ ઓફિસરને સુચના આપવામાં આવી હોવાનું નગરસેવક ઈકબાલએ જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## સાવરકુંડલા લોહાણા મહાજન પ્રમુખ માનવ મંદિરની મુલાકાતે



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા રઘુવંશી લોહાણા સમાજનાં પ્રમુખ જગદીશભાઈ માધવાણી માનવ મંદિરની મુલાકાતે આવેલ. પૂજય ભકિતરામબાપુનાં આશીર્વાદ તેમજ માનવ મંદિરનો પરિચય માનવ મંદિરનાં પરિવાર ભુરાભાઈ વાળા અને બળવંતભાઈ મહેતાએ આપેલ. માનવ મંદિરમાં નવનિર્મિત ભોજનાલયની ટાઈલ્સ માટે તેમના ખાસ મિત્ર દકુભાઈ કસવાલાનાં કહેવાથી રૂપિયા બે લાખ માનવ મંદિરને ભેટ આપેલ. આ ભેટ આવવાથી નવનિર્મિત ભોજનાલયનાં ટાઈલ્સનું કામ ટુંક સમયમાં પૂર્ણ થાશે.

### કોંગી આગેવાનોએ

## અમરેલીનાં એકતા ભવન ખાતે સ્વ. રાજીવ ગાંધીને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી

અમરેલી, તા. ૨૧

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે અમરેલીમાં એકતા ભવન ખાતે કોંગ્રેસનાં આગેવાનોએ શ્રધ્ધાંજલી પાઠવી.

આ તકે કોંગ્રેસ અગ્રણી નરેશભાઈ અધ્યારૂ, રફિકભાઈ મોગલ, મુજપર હુસેન સૈયદ બાપુ, ટીકુભાઈ વરુ, જમાલભાઈ મોગલ, કે. કે. વાળા, સમીરભાઈ કુરેશી, જયરાજભાઈ જળુ, બી. કે. સોળિયા, અનકભાઈ બોરીચા, મિતેશ દવે, દિનેશભાઈ અપના, શબીરભાઈ, નિકુબાપુ, કવશર કુરેશી, રાજુભાઈ ઠાકોર સહિતે સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.





# અમરેલી : લોકસાહિત્ય સેતુની બેઠકમાં ડો. પ્રતાપભાઈ પંડયાને ત્રીજી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી અર્પણ



લોકસાહિત્ય સેતુની નિયમિત બેઠક બાલભવનનાં વિશાળ પ્રાર્થના હોલમાં યોજાયેલ. જેમા પ્રારંભમાં લોકસાહિત્ય સેતુનાં ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયાએ પધારેલ સહુને આગવી શૈલીમા આવકાર આપ્યો. સંસ્થાનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ આજનાં કાર્યક્રમ અંગે વિસ્તૃત છણાવટ કરી. આજની બેઠકમાં સર્વ ચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, કેવલભાઈ રોકડ, સંજયભાઈ વાળોદર, સુરેશભાઈ શેખા, રમેશભાઈ જાદવ, સોનલબેન ત્રિવેદી, કુ. તનાક્ષી જાદવ, કેવલ તેરૈયા, કુ. રિયા વાઘેલા જેવા કલાકારોએ લોકગીત, ભજન, દુહાછંદની રમઝટ બોલાવી. લોકસાહિત્યને સંપૂર્ણ સહયોગ અને હૂફ આપનાર ડો. પ્રતાપભાઈ પંડયાને ભવ્યાતિભવ્ય શ્રદ્ધાંજલી અર્પણ કરેલ સાથોસાથ મેઘાણીજીને,પહાડી ગળાના ગાયક હેમુભાઈ ગઢવીને શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. તબલા ઉપર સંગત સંતવાણીનાં કલાકાર કનુભાઈ સોલંકીએ આપી. આજના કાર્યક્રમમાં સર્વ મુકુંદભાઈ મહેતા તથા ભરતભાઈ મકવાણાની શૈક્ષણિક સેવાને બીરદાવી ભવ્યાતિભવ્ય સન્માન કરવામા આવ્યુ. ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટનાં પ્રમુખ મોટાભાઈ સંવટ તથા નારણભાઈ ડોબરિયાએ ડો. જીવરાજ મહેતાનાં જીવન ચરિત્રનાં પુસ્તકો અર્પણ કરેલ. મોટાભાઈ સંવટ, મુકુંદભાઈ મહેતા, અશ્વિનભાઈ ત્રિવેદી, ઉમેશભાઈ જોષી, હસુદાદા જોષીએ પોતપોતાની આગવી શૈલીમાં ડો. પ્રતાપભાઈ પંડયાને પૂષ્પ અર્પણ કરી સેવા, જીવનકાર્ય, દાન વિશે વિસ્તૃત છણાવટ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. આજના કાર્યક્રમમાં સર્વ રજનીભાઈ ભટ્ટ(પ્રખર જયોતિષિ) અરવિંદભાઈ દવે, વાસુદેવભાઈ સોઢા, પંકજભાઈ જોષી, શિવમભાઈ દવે, મહેન્દ્રભાઈ શુકલ, કાળુભાઈ ટાંક, ઉમેશભાઈ તેરૈયા, મહિપતભાઈ ભટ્ટ, પ્રિયંકાબેન જાદવ, જાગૃતિબેન તેરૈયા, કીરણબેન ત્રિવેદી સમેત વિશાળ સંખ્યામા ઉપસ્થિત ભાઈઓ, બહેનોએ ભાવ વંદના કરી. અમેરિકા સ્થિત મનિષાબેન પંડયા પોતાના અતિ વ્હાલા પપ્પા પ્રતાપભાઈ પંડયાને આપેલ શ્રદ્ધાંજલીનું વાચન અ.જિ. સાહિત્ય સર્જક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ કર્યુ. બાલભવનનાં આદરણીય ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, નાયબ નિયામક દિનેશભાઈ લોકસાહિત્ય સેતુની આવી રૂડી પ્રવૃત્તિથી પ્રસન્ન થઈ અભિનંદન આપ્યા. કાર્યક્રમને અંતે મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભારદર્શન કર્યુ. અલ્પાહાર પ્રસાદ કરી કાર્યક્રમ સંપન્ન થયો.

## ડીઆઈજીની સુચના અને પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે પોલીસ વિભાગ દ્વારા

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૩ દિવસમાં દારૂનાં ૨૫૮ કેસ શોધી કઢાયા

**મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં દારૂનું વેચાણ અને સેવન એ અતિ શરમજનક ઘટના હોય પોલીસ સક્રીય**

**૧૨૯ જેટલા શખ્સો દારૂ પીધેલી હાલતમાં તો દારૂનાં કબ્જાનાં ૧૦૦ કેસ નોંધાયા**

**વિદેશી દારૂ-૪૬ બોટલ, દેશી દારૂ ૪૫૬ લીટર અને આથો ૫૫૮ લીટર કબ્જે થયો**

**જિલ્લામાં દારૂનું વેચાણ અને સેવન કરનાર શખ્સોમાં ફફડાટનો માહોલ ફેલાયો**



અમરેલી, તા. ૨૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં દારૂની ગેરકાયદે વેચાણ/સેવન/વહન અટકાવવા સારૂ તા. ૧૮/૮/૨૦૨૩ થી તા. ૨૦/૮/૨૦૨૩ દિન-૩ ની સ્પેશ્યલ પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરેલ હોય, આ ડ્રાઈવ દરમિયાન અમરેલી જિલ્લામાં દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડો કરવા ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ.

આ ડ્રાઈવ દરમિયાન છેલ્લા ત્રણ દિવસમાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દારૂની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર રેઈડ કરી, દરોડા પાડી, પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવેલ.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન કુલ ૨૫૮ કેસો કરવામાં આવેલ છે. જે પૈકી ૧૨૯ દારૂ પીધેલ વ્યકિતઓ પકડવામાં આવેલ છે. દારૂનાં કબ્જાનાં ૧૦૦ કેસ તથા દારૂ બનાવવા માટેનાં આથા/ભઠ્ઠીનાં ૧૯ કેસ કરવામાં આવેલ છે. તેમજ દારૂ પીધેલ હાલતમાં વાહન ચલાવવાનાં ૧૦ કેસ કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલ નંગ-૪૬, કિ.રૂા. ૨૭,૭૫૦/- તથા દેશી દારૂ લીટર ૪૫૬, કિ.રૂા. ૧૦, ૨૨૬/- તથા દારૂ બનાવવાનો આથો લીટર ૫૫૮, કિ.રૂા. ૧૨૦૯/- તથા ભઠ્ઠીનાં સાધનો કિ.રૂા. ૧૫૦૦/- તથા મોટર સાયકલ-૧, કિ.રૂા. ૧૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા. ૫૦,૬૮૫ નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

સદરહું ડ્રાઈવ દરમ્યાન દારૂનું સેવન/વેચાણ/વહનની પ્રોહીબીશન પ્રવૃતિ કરતા કુલ ૧૯૯ ઈસમોને પકડી પાડી તેમની સામે ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન મુજબ અમરેલી જિલ્લામાં દારૂબંધીનાં કડક અમલ અને દારૂનાં ગેરકાયદે વેચાણ/સેવન/વહન અટકાવવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતાં ઈસમો સામે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પ્રોહીબીશન ધારા તળે કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


## બાબરા પંથકનાં પોલીસ પરિવારમાં શોક

# કોટડાપીઠા ખાતે જીઆરડી તરીકે ફરજ બજાવતાં નિષ્ઠાવાન કર્મીનું નિધન થયું

**સ્થાનિક પોલીસે સંયુકતપણે મૃતકનાં પરિવારજનોને આર્થિક મદદ કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૧

છેલ્લાં ઘણાં વર્ષોથી ધનજીભાઈ નાનજીભાઈ ચારોલિયા બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે જીઆરડીમાં ફરજ બજાવતા હતા અને પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ધનજીભાઈનું અકસ્માત દરમિયાન મૃત્યું થતાં પરિવાર પર જાણે આભ ફાટયું હોય એવી મુશ્કેલી આવી ગઈ હતી. પત્નિ અને બે નાનાં બાળકો નોધારા બની ગયા હતાં. અને આમ પણ ઘરની પરિસ્થિતિ ખુબ જ નબળી હતી. એમાં ઘર ચલાવતો મોભી મુત્યુ પામતાં આંખો પરીવારનો માળો વિખેરાય ગયો હતો.

પોલીસ સ્ટાફમાંથી માહિતી અનુસાર ધનજીભાઈ સ્વભાવે તો ઠીક પણ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતાં હતા અને પોલિસ સ્ટાફનું કામ પણ અડધી રાતે ચિંધો તો હસતાં હસતાં કરતાં હતાં. ધનજીભાઈનાં મૃત્યુંનાં સમાચાર મળતાં અને સાથે સાથે ધનજીભાઈની ઘરની પરિસ્થિતિની પણ જાણ થતાં બાબરા પોલીસનાં પી.આઈ. આર. ડી. ચૌધરી અને પી.એસ.આઈ. રાધનપરાએ મનજીભાઈ માટે જે મદદ થાય એની શરૂઆત કરી અને બાદમાં બાબરા પોલીસનો પૂરો સ્ટાફ તેમજ જીઆરડી જમાદાર અને એમનો પૂરો સ્ટાફ પણ મદદે આવી ૬૦૦૦૦ જેવી રકમ એકઠી કરીને મૃત્યુ પામેલા જીઆરડી જવાનનાં ઘરે પી.આઇ., પી.એસ.આઈ. અને પુરો સ્ટાફ જઈને ધનજીભાઈનાં પત્નીને શાંતવના પાઠવીને બંધ કવર આપીને આર્થિક સહાય કરીને માનવતા મહેકાવી હતી.

## સા.કુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં તબીબનું નિવેદન

# મહિલાઓએ સ્તન કેન્સરથી બચવા માટે પ્રાથમિક તપાસણી કરાવવી જરૂરી

**ડો. દીપક શેઠે મહત્વનું માર્ગદર્શન આપેલ**



સાવરકુંડલા, તા. ૨૧

ગુજરાતની અંદર કેન્સર ઓફ બ્રેસ્ટ સંદર્ભે ઘણા બધા ઊભરા ઉભરી આવ્યાં છે. આ સંદર્ભે આંકડાકીય રીતે જોઈએ તો ૨૦૧૮ માં કુલ કેન્સર ઓફ બ્રેસ્ટની સંખ્યા ગુજરાતમાં ૯૪૧૪ આંકવામાં આવી હતી. જયારે ૨૦૧૬ માં ૮૦૧૬ હતી એટલે કે બે વર્ષની અંદર લગભગ ૧૩ ટકા વધારો સ્તન કેન્સરમાં નોંધાયો છે. અર્થાત સ્તન કેન્સરનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે. બીજું કારણ એ છે કે બહેનોમાં કેન્સર વિશેની જાગૃતિ સારા પ્રમાણમાં આવી છે. કે જેથી તેઓ તબીબ પાસે જઈને તપાસણી કરાવતાં થયા છે. આ આંકડાઓ જાણ્યા પછી સમાજની દરેક મહિલાએ સ્તનમાં કોઈ પણ જાતની તકલીફ થઈ હોય ખાસ કરીને ગાંઠ માલૂમ પડે તો તુરંત જ શરમ સંકોચ રાખ્યા વગર નિષ્ણાંત તબીબનો જરૂરથી સંપર્ક સાધવો જોઈએ. જેથી કરીને કેન્સર પ્રથમ સ્ટેજમાં હોય ત્યારે જ તેનો ઉપાય થઈ જાય. પ્રથમ સ્ટેજમાં સારવાર કરવામાં આવે તો ૯૫ ટકા દર્દીઓ સંપૂર્ણ સારા થઈ જતા હોય છે દીપક શેઠ, કેન્સર સ્પેશ્યાલિસ્ટ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં કેન્સર સ્પેશ્યાલિસ્ટ દીપક શેઠે જણાવેલ


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS-Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક

NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ
મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.
ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.
યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.
શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F-૧૩, પહેલો માળ, અમરેલી.



''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP

DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### ઈસરોએ ચંદ્રયાન-૩ને લઈને એક મોટું અપડેટ આપ્યું

# ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચન્દ્રયાન-૩નું સ્વાગત કર્યું, બંને વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થયો

## લેન્ડિંગનો સમય ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ વાગ્યાનો રખાયો, આ સમયે વાહનને ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડીંગ માટે પ્રયાસ કરાશે

નવી દિલ્હી, તા.૨૧

ભારતનું ચન્દ્રયાન મિશન ચન્દ્ર તરફ સતત આગળ વધી રહ્યું છે. હવે ઈસરોએ ચંદ્રયાન-૩ને લઈને એક મોટું અપડેટ આપ્યું છે. ઈસરોએ માહિતી આપી હતી કે, ચંદ્રયાન-૩ અને ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચેનો સંચાર સફળતાપૂર્વક સ્થાપિત થયો હતો. ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચન્દ્રયાન-૩નું સ્વાગત કર્યું છે. બંને વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થયો છે. ઈસરોએ ચંદ્રયાન-૩ના લેન્ડીંગ વિષે પણ એક મહત્વની અપડેટ આપી છે.

ઈસરોએ આજે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ અંગે નવીનતમ અપડેટ પણ બહાર પાડી છે. તેમણે જણાવ્યું કે લેન્ડિંગનો સમય ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ સમયે, વાહનને ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડીંગ માટે પ્રયાસ કરવામાં આવશે. ઈસરોએ એ પણ માહિતી આપી હતી કે, લેન્ડિંગ ઈવેન્ટનું લાઈવ ટેલિકાસ્ટ સ્થાનિક સમય મુજબ સાંજે ૫.૨૦ વાગ્યે શરૂ થશે.

ઈસરોના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે આ વખતે અવકાશયાન કોઈ પણ સંજોગે સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતરશે. સૌપ્રથમ ઈસરોના ચીફ એસ. સોમનાથ અને પછી ચંદ્રયાન-૨ અને ૩ના પ્રક્ષેપણ સમયે ઈસરોના સહયોગી એરોસ્પેસ સાયન્ટિસ્ટ પ્રોફેસર રાધાકાંત પાધીએ પણ દાવો કરતા કહ્યું હતું કે, ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ઈસરોએ ઘણા સુધારા કર્યા અને આ રીતે ચન્દ્રયાન-૩ બનાવ્યું.

દરમિયાનમાં, ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરવા માટે વિક્રમ લેન્ડર સંપૂર્ણપણે તૈયાર છે. ચંદ્રયાનના ચંદ્રની સપાટી પર લેન્ડ થવામાં હવે ફક્ત ૩ જ દિવસ બાકી છે. ચંદ્રયાન ૩નું લેન્ડર ૨૩ ઓગસ્ટે ૨૦૨૩ના રોજ સાંજે ૬ વાગ્યે અને ૪ મિનિટે ચંદ્રની સપાટી પર લેન્ડ કરી શકે છે. આ દરમિયાન ચંદ્રયાન-૩એ ચંદ્રની નવી લેટેસ્ટ તસવીરો મોકલી હતી. રવિવારે જ વિક્રમ લેન્ડરનું બીજી વખતનું ડિબૂસ્ટિંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું હતું. હવે લેન્ડર અને ચંદ્ર વચ્ચે ફક્ત ૨૫ કિ.મી. જેટલું જ અંતર રહી ગયું છે. આ દરમિયાન ઈસરોએ લેન્ડર વિક્રમ દ્વારા લેવામાં આવેલી ચંદ્રની નવી તસવીરો જાહેર કરી છે. આ તસવીરો ખૂબ જ નજીકથી લેવામાં આવી છે. ઈસરો દ્વારા જારી કરાયેલી તસવીરોમાં અલગ અલગ સપાટી જોવા મળી રહી છે. જેને નોટ કરવામાં આવી રહી છે.

ચંદ્રની સપાટી પર લેન્ડ થયા બાદ રોવર કુલ ૧૪ દિવસ સુધી રિસર્ચ કરશે અને માહિતી એકઠી કરશે. રોવર પ્રજ્ઞાનનું આયુષ્ય ચંદ્રના એક દિવસ બરાબર એટલે કે ૧૪ દિવસનો રહેશે. રોવર ચંદ્ર પર એલ્યુમિનિયમ, સિલિકોન, મેગ્નેશિયમ, પોટેશિયમ, ટાઈટેનિયમ, કેલ્શિયમ અને આયરન સંબંધિત માહિતીઓ એકઠી કરશે.

### ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટે. મુંબઈમાં

### વિપક્ષી ગઠબંધનની બેઠક

# ઈન્ડિયાના લોગોની મુંબઈ બેઠકમાં અનાવરણ થવા વકી

## ઈન્ડિયા ગઠબંધનની ત્રીજી બેઠકમાં ૨૬થી વધુ રાજકીય પક્ષોના લગભગ ૮૦ નેતાઓના સામેલ થવાની આશા

મુંબઈ, તા.૨૧

વિપક્ષી દળોના ગઠબંધન ઈન્ડિયાના લોગોનું અનાવરણ ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનાર ગઠબંધનની બેઠક દરમિયાન થવાની શક્યતા છે.

સૂત્રોએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે દેશની નાણાકીય રાજધાનીમાં ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈનક્લૂઝિવ એલાયન્સ (ઈન્ડિયા) ગઠબંધનની ત્રીજી બેઠકમાં ૨૬થી વધુ રાજકીય પક્ષોના લગભગ ૮૦ નેતાઓના સામેલ થવાની આશા છે. સૂત્રોએ જણાવ્યું કે હાલમાં ૨૬ પક્ષો આ ગઠબંધનનો હિસ્સો છે અને બે દિવસની બેઠક દરમિયાન અમુક અન્ય પક્ષો પણ ગઠબંધનમાં સામેલ થવા તૈયાર છે. તેમણે જણાવ્યું કે ગઠબંધનના પ્રતીક ચિહ્ન (લોગો) નું અનાવરણ એક સપ્ટેમ્બરે ચર્ચા વિચારણાની શરૂઆત પહેલાં કરી શકાય છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીના રાજ્ય અને મુંબઈ એકમો દ્વારા વિપક્ષી દળોના નેતાઓ માટે લંચની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યારે શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે દ્વારા ૩૧ ઓગસ્ટે જ મુંબઈની ગ્રાન્ડ હયાત હોટેલમાં આવનારા નેતાઓ માટે ડીનરનું આયોજન કરવામાં આવી શકે છે.

### ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા મારવા નીકળી સરકાર

# રાજ્યમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખથી વધારે પર પહોંચી

## વિદ્યાર્થીઓને શાળામાં પરત લાવવા માટે શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ આપ્યો

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં શિક્ષણની શું દશા છે તેની વાત કરીએ તો ૩૨ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. જ્યારે ૧૪,૬૫૨ શાળામાં માત્ર એક જ વર્ગ છે. આ સિવાય સરકારી શાળાઓમાં ૩૮ હજાર વર્ગખંડોની ઘટ છે. તો ૫૬૧૨ સરકારી શાળાઓને મર્જ કરી દેવાઈ છે અથવા તો તાળાં મારી દેવામાં આવ્યા છે. મહત્વનું છેકે રાજ્ય સરકાર ભણશે ગુજરાત, તો આગળ વધશે ગુજરાત, સાક્ષરતા અભિયાન જેવા મિશન ચલાવી રહી છે. જેના માટે કરોડો રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવે છે. પરંતુ બીજીબાજુ ગુજરાતમાં વિદ્યાર્થીઓ શાળાઓ છોડી રહ્યા છે. ત્યારે શું આવી રીતે રાજ્યનું શિક્ષણનું સ્તર ઉંચું આવશે? રાજ્યમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખથી વધારે પર પહોંચી ગયો છે. એકલા અમદાવાદમાં ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓએ શિક્ષણ છોડ્યું છે. તો હવે ઘોડા છૂટ્યા પછી સરકાર તબેલાને તાળા મારવા નીકળી છે. દીકરા-દીકરીઓને શાળામાં પરત લાવવા સરકારે કવાયત હાથ ધરી છે. શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ આપ્યો છે.

ભણે ગુજરાત, વાંચે ગુજરાતનો દાવો પોકળ સાબિત થયો છે. ત્યારે ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓનો આંક વધતા જ ગુજરાત સરકાર દોડતી થઈ છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા શિક્ષણ વિભાગે કામગીરી હાથ ધરી છે, શિક્ષણ છોડી ગયેલા વિદ્યાર્થીઓને ટ્રેક કરી માહિતી એકત્ર કરવા શિક્ષણાધિકારીઓને સૂચના અપાઈ છે. અમદાવાદ જિલ્લાના ૧૦ હજાર ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને પાછા લાવવા આદેશ છુટ્યો છે.

આ માટે ઓડિયો ક્લીપ જાહેર કરી શિક્ષણાધિકારીઓને સૂચના અપાઈ. શિક્ષણ સચિવ વિનોદ રાવે શિક્ષણાધિકારીઓને માહિતગાર કર્યા અને એક ઓડિયો ક્લીપ જાહેર કરી શિક્ષણાધિકારીઓને સૂચના આપી છે. ધોરણ ૮ માંથી ૯માં ગયેલા વિદ્યાર્થીઓનો ચિંતાજનક ડ્રોપ આઉટ રેશિયો સામે આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૮ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો સામે આવતા શિક્ષણ વિભાગની ચિંતા વધી છે.

ધોરણ ૮માંથી ધોરણ ૯માં પહોંચેલા ૧,૮૪,૨૪૪ વિદ્યાર્થીઓને ટ્રેક કરવામાં હાલના તબક્કે શિક્ષણ વિભાગ નિષ્ફળ ગયું છે. ગત શૈક્ષણિક સત્રમાં ધોરણ ૮માં ૧૦ લાખ ૨૧ હજાર ૫૩૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ વર્ષે ધોરણ ૯માં ૮ લાખ ૨૪ હજાર ૫૦૮ વિદ્યાર્થીઓને જ ટ્રેક કરી શકાયા, ૧૨,૭૮૫ રિપીટર વિદ્યાર્થીઓને પણ શિક્ષણ વિભાગે ટ્રેક કર્યા છે.

રાજ્યમાં સૌથી વધુ ડ્રોપ આઉટ રેશિયો કચ્છમાં ૨૬ ટકા, દ્વારકામાં ૨૫ ટકા, બનાસકાંઠામાં ૨૪ ટકા, છોટાઉદેપુર અને ડાંગમાં ૨૩ ટકા હોવાનું સામે આવ્યું છે. તો દાહોદમાં ૨૨ ટકા, રાજકોટ, સુરેન્દ્રનગર, પાટણ, મોરબી અને બોટાદમાં ૨૧ ટકા, તો ભાવનગર, જામનગર, અમરેલીમાં ૨૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો છે.

ડ્રોપ આઉટ રેશિયો વધતા ધોરણ ૮ બાદ ધોરણ ૯માં ટ્રેક ના થઈ શકેલા ૧૮ ટકા એટલે કે ૧,૮૪,૨૪૪ બાળકોને ઝડપથી ટ્રેક કરવા આદેશ અપાયો છે. ટ્રેક ના થયેલા તમામ ૧,૮૪,૨૪૪ વિદ્યાર્થીઓની વિગતો CTS [Child Tracking System] માં જિલ્લાના login માં (Std 9 updation pending/ untracked Students) ઉપલબ્ધ કરાવાઈ છે. CTS ના આધારે ટ્રેક ના થઈ શકેલા બાળકોને ટ્રેક કરી તેમના અપડેશનની કામગીરી સત્વરે પૂર્ણ કરવા આદેશ કરાયો. ધોરણ ૮ બાદ ધોરણ ૯માં રાજ્યના અન્ય જિલ્લાઓની વાત કરીએ તો ડ્રોપ આઉટનો સૌથી ઓછો દર નવસારીમાં ૮ ટકા એ સિવાય અન્ય તમામ જિલ્લાનો ડ્રોપ આઉટ રેશિયો ૧૦ ટકાથી લઈ ૨૦ ટકા વચ્ચે છે.

### નવેમ્બર-ડિસેમ્બરમાં અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી

# પીએમ પદે મોદી ૬૩ ટકાની અને રાહુલ ૨૦ ટકાની પસંદ

## તાજા સર્વે મુજબ આપના નેતા અરવિંદ કેજરીવાલ દેશના વડાપ્રધાન તરીકે છ ટકા લોકોની જ પસંદ છે

નવી દિલ્હી, તા.૨૧

ચાલુ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. આ રાજ્યોની ચૂંટણીને આગામી વર્ષે યોજાનાર લોકસભા ચૂંટણીની સેમિફાઈનલ મનાઈ રહી છે. રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ છે.

એવામાં આમ આદમી પાર્ટી (આપ)ના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલે પણ આ રાજ્યોમાં ચૂંટણી મેદાને ઝંપલાવવાની જાહેરાત કરી દીધી છે.

ગત દિવસોમાં કુલ ૨૬ વિપક્ષી દળોએ ગઠબંધન કરી ઈન્ડિયાનામના એક વિપક્ષી મોરચાની જાહેરાત કરી હતી. આ મહાગઠબંધનનો ઉદ્દેશ્ય કેન્દ્રની ભાજપ સરકારને હરાવવાનો હતો. ભાજપે એ ક્લિયર કરી દીધું છે કે તેમની પાર્ટીનો પીએમ તરીકે તરીકેનો ચહેરો વડાપ્રધાન મોદી જ રહેશે.

એવામાં લોકોના મનમાં સવાલ એ પણ છે કે વિપક્ષી જૂથ ઈન્ડિયાના પીએમનો ચહેરો કોણ બનશે ? એક સરવેમાં પૂછાયેલા લોકોને પૂછાયું કે તેમના માટે પીએમના ચહેરા તરીકે કોણ સર્વશ્રેષ્ઠ છે? ચાલો જાણીએ સરવેના પરિણામ.

સી વૉટર દ્વારા હાથ ધરાયેલા સરવે અનુસાર કુલ ૬૨% લોકોએ કહ્યું કે તેમના માટે પીએમ તરીકેની પહેલી પસંદ નરેન્દ્ર મોદી જ છે. એટલે કે અડધાથી વધુ વસતીની પસંદગી પીએમ મોદી છે. જ્યારે દિલ્હીના સીએમ કેજરીવાલ પર ૬% લોકોએ પસંદગી ઉતારી હતી.

એવામાં કેજરીવાલને પીએમ મોદીની તુલનાએ ઓછા લોકોએ પસંદ કર્યા. જોકે યુપીના સીએમ યોગી આદિત્યનાથને પીએમ તરીકેના દાવેદાર માત્ર ૩% લોકો જ માને છે.

સી વૉટરના સરવેમાં સૌથી વધુ લોકોએ પીએમ મોદીને પસંદ કર્યા હતા. તેમના પછી રાહુલ ગાંધીનો નંબર આવે છે. કુલ ૨૦% લોકોએ પીએમ પદના દાવેદાર ગણાવ્યા હતા. રાહુલ બાદ કેજરીવાલનો વારો આવે છે.

સી વૉટરે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી અંગે એક સરવે કર્યો છે. સરવે અનુસાર આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બની શકે છે. રાજ્યની કુલ ૯૦ સીટોમાંથી કોંગ્રેસના ખાતામાં ૪૮-૫૪ બેઠકો જઈ શકે છે. છત્તીસગઢમાં બહુમતી માટે ૪૬ સીટો જરૂરી છે. એવામાં સરવેમાં કોંગ્રેસ બહુમતીના આંકડાને ક્રોસ કરતી દેખાય છે.

### વીએચપીના ઉપાધ્યક્ષની નિરંજની અખાડાની મુલાકાત

# ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે રામમંદિરમાં મૂર્તિ સ્થાપિત કરાશે

## રામ મંદિરનો ગ્રાઉન્ડ ફ્લોર સંપૂર્ણપણે તૈયાર છે, મૂર્તિની સ્થાપના બાદ ભક્તો રામ લલાના દર્શન કરી શકશે

અયોધ્યા, તા.૨૧

અયોધ્યામાં રામ મંદિર નિર્માણની જવાબદારી સંભાળી રહેલા વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસના મહાસચિવ ચંપત રાયે નિરંજની અખાડાની મુલાકાત લીધી હતી અને અખિલ ભારતીય અખાડા પરિષદ (નિરંજની) ના પ્રમુખ શ્રીમંત રવિન્દ્રપુરી મહારાજને મળ્યા હતા. તેમને મંદિરમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપન કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ચંપત રાયે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે એક શુભ મુહૂર્તમાં મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે બે માળના રામ મંદિરનો ગ્રાઉન્ડ ફ્લોર સંપૂર્ણપણે તૈયાર છે. મૂર્તિની સ્થાપના બાદ ભક્તો મંદિરમાં રામ લાલાના દર્શન કરી શકશે. આ દરમિયાન બીજા માળનું બાંધકામ પણ ચાલુ રહેશે. ચંપત રાયે કહ્યું કે હવે સંતોને મૌખિક રીતે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. શુભ મુહૂર્ત બાદ નવેમ્બરમાં સમગ્ર દેશના સંત સમાજને મૂર્તિ સ્થાપન કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિધિવત આમંત્રણ આપવામાં આવશે. અખાડા પરિષદના પ્રમુખ શ્રીમહંત રવિન્દ્રપુરી મહારાજે કહ્યું કે વર્ષોની તપસ્યા, બલિદાન અને સંઘર્ષ બાદ અયોધ્યામાં ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર બનાવવાનું હિન્દુ સમાજનું સ્વપ્ર સાકાર થવા જઈ રહ્યું છે. બધા હિન્દુઓએ અયોધ્યા જઈને ભગવાન શ્રીરામના દર્શન કરવા જ જોઈએ.

### બજારમાં ભાવ વધારાની મોસમ

# ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થયો

## છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો છે કાબુલી ચણાના ભાવમાં ૩૦નો વધારો

અમદાવાદ,તા.૨૧

બજારમાં ભાવ વધારાની મોસમ ચાલી રહી છે ત્યારે ચણાના લોટના ભાવમાં પણ ભડકો થયો છે. ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થઈ ગયો છે. જ્યારે કાબુલી ચણાના ભાવમાં કિલોએ ૩૦નો વધારો થયો છે.

ભાવ પ્રતિ કિલો ૧૫૦ થઈ ગયો છે હાલમાં વરસાદી માહોલમાં મોટાભાગના ચણાના લોટનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય છે. મોંઘવારીનો માર

મોટાભાગના ફરસાણમાં પણ ચણાના લોટનો ઉપયોગ કરવામાં આવતો હોય છે ત્યારે ભાવ વધારા થવાના કારણે આવનારા સમયમાં ફરસાણમાં પણ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ત્રણ દિવસ પહેલા ૬૬ રૂપિયા કિલો મળતો ચણાનો લોટ ૮૦ રૂપિયા પહોંચી ગયો છે. છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો છે. કાબુલી ચણાના ભાવમાં ૩૦નો વધારો

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર છેલ્લા ૪૦ વર્ષના ઈતિહાસમાં ચણાના લોટના ભાવમાં આટલો ઉછાળો જોવા મળ્યો નથી. ચણાના લોટની સાથે કાબુલી ચણાના ભાવમાં પણ રોકેટ ગતિએ ઉછાળો જોવા મળી રહ્યો છે.

૨૦ દિવસ પહેલા કાબુલી ચણા પ્રતિ કિલો ૧૨૦ રૂપિયામાં બજારમાં મળતો હતા, જે અત્યારે ૧૫૦ રૂપિયા કિલો મળી રહ્યો છે

### છત્તીસગઢમાં વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી યોજાશે

# છત્તીસગઢમાં કોંગ્રેસ ૪૮-૫૪ બેઠકો સાથે બાજી મારી જશે

## સરકાર બનાવવા માટે છત્તીસગઢમાં ૪૬ સીટો પર જીત જરૂરી, ભાજપના ખાતામાં ૩૫-૪૧ સીટો આવી શકે છે

નવી દિલ્હી, તા.૨૧

છત્તીસગઢમાં વર્ષના અંત સધીમાં વિધાનસભા ચૂંટણી યોજાશે. ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા દિવસોમાં ઉમેદવારોનું લિસ્ટ પણ જાહેર કરી દીધુ છે. આ સાથે જ રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. શું રાજ્યમાં કોંગ્રેસ સરકાર રિપીટ કરશે કે, પછી ભાજપનું કમળ ખીલશે? આ અંગે એક સર્વે કરવામાં આવ્યો છે.

છત્તીસગઢમાં કુલ ૯૦ વિધાનસભાની સીટ છે. રાજ્યમાં હાલ કોંગ્રેસની સરકાર છે. ત્યારે આ ચૂંટણી પરિણામ અંગે એક સર્વે કરવામાં આવ્યો છે. સર્વે પ્રમાણે કોંગ્રેસ બાજી મારતી નજર આવી રહી છે. કોંગ્રેસને ૪૮-૫૪ સીટ મળી શકે છે. સરકાર બનાવવા માટે છત્તીસગઢમાં ૪૬ સીટો પર જીત પ્રાપ્ત કરવાની રહેશે.ત્યારે આવી સ્થિતિમાં સર્વેના પરિણામમાં કોંગ્રેસે જાદુઈ આંકડો પાર કરી લીધો છે. બીજી તરફ ભાજપના ખાતામાં ૩૫-૪૧ સીટો આવી શકે છે. સર્વે પ્રમાણે ૦-૩ સીટો અન્ય ખાતામાં જઈ શકે છે. સી વોટરે છત્તીસગઢમાં વિસ્તારવાર સર્વે કર્યો છે. ઉત્તર, દક્ષિણ અને મધ્ય છત્તીસગઢમાં અલગ-અલગ સર્વે કરવામાં આવ્યો છે. ઉત્તર સત્તીસગઢમાં કુલ ૧૪ સીટ છે. અહીં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખરાખરીનો જંગ નજર આવી રહ્યો છે. સર્વે પ્રમાણે બંને પાર્ટી ૫-૯ સીટો પર જીત પ્રાપ્ત કરતી નજર આવી રહી છે. બીજી તરફ અન્યના ખાતામાં ૦-૧ સીટ જઈ શકે છે.બીજી તરફ દક્ષિણ છત્તીસગઢમાં કુલ ૧૨ સીટ છે. અહીં ૬-૧૦ સીટ પર કોંગ્રેસ બાજી મારતી નદર આવી રહી છે. બીજી તરફ ૨-૬ સીટ પર જીત હાંસલ કરતી નજર આવી રહી છે. આ સાથે જ અને અન્યના ખાતામાં ૦-૧ સીટ જઈ શકે છે. એટલે કે, આ વિસ્તારમાં કોંગ્રેસ આગળ વધતી નજર આવી રહી છે.

સર્વે પ્રમાણે મધ્ય છત્તીસગઢની કુલ ૬૪ સીટો પર ઓપિનિયન પોલના પરિણામ સામે આવ્યા છે. અહીં કોંગ્રેસ ૩૪-૩૮ સીટો પર બાજી મારી શકે છે. બીજી તરફ ભાજપ ૨૫-૨૯ સીટો પર જીત હાંસલ કરી શકે છે. જ્યારે અન્યના ખાતામાં ૦-૨ સીટો જઈ શકે છે. દક્ષિણ છત્તીસગઢના જેમ જ મધ્ય છત્તીસગઢમાં પણ કોંગ્રેસે બાજી મારી લીધી છે. જો સમગ્ર રાજ્યના ઓપિનિયન પોલ પર નજર કરીએ તો કોંગ્રેસને ૪૮-૫૪ સીટ અને ભાજપને ૩૫-૪૧ સીટ તથા અન્યના ખાતામાં ૦-૩ સીટ જઈ શકે છે.

### ચીનના ઘૂસણખોરીના ઈરાદાઓને બેવડો ફટકો પડશે

# ચાઈના બોર્ડર પર ભારત તૈયાર કરી રહ્યું છે દુનિયાની સૌથી ઉંચી ટનલ

## બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી છે કે લદ્દાખ ક્ષેત્રમાં સૈન્ય અને નાગરિક બંને ઉપયોગ માટે નિર્માણ કાર્ય ચાલુ છે

નવી દિલ્હી, તા.૨૧

ભારત ચીનની સરહદે આવેલી તેની જમીન પર સતત બાંધકામ કરી રહ્યું છે. ભારતનું આ પગલું ચીનના ઘૂસણખોરીના ઈરાદાઓને બેવડો ફટકો આપશે. દરમિયાન, બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી છે કે લદ્દાખ ક્ષેત્રમાં સૈન્ય અને નાગરિક બંને ઉપયોગ માટે નિર્માણ કાર્ય ચાલુ છે. આ ક્રમમાં, સરકારના પ્રયાસો હેઠળ, પૂર્વી લદ્દાખ સેક્ટરમાં વિશ્વની સૌથી ઊંચી ટનલ, રોડ અને ફાઈટર એરક્રાફ્ટ બેઝનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

મિગ લા-ફૂકચે રોડના નિર્માણ સાથે, દળ બે વર્ષ પહેલા ઉમલીંગ લા પાસ પર સૌથી ઉંચો રોડ બનાવવાનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે, એમ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરીએ (BRO) ચીફ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મિગ લા-ફુચે રોડ આગામી બે સિઝનમાં બનાવવામાં આવશે. આ સૌથી વધુ મોટરેબલ રોડ હશે જે ગંભીર પરિસ્થિતિમાં સેનાની તૈનાતીને સક્ષમ કરશે.તેમણે કહ્યું કે ઉમલિંગ લા વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ છે. ૧૫ ઓગસ્ટે મ્ઈ એ ૧૯૪૦૦ ફૂટની ઊંચાઈએ લિકુ, મિગ-લા અને ફુકચેને જોડતો રસ્તો શરૂ કર્યો. આનાથી જો કોઈ ગંભીર પરિસ્થિતિ ઊભી થાય તો વહેલી તકે સૈનિકો તૈનાત કરવામાં મદદ મળશે. BRO સૌથી વધુ મોટરેબલ રોડનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે.બીઆરઓ ચીફે કહ્યું કે વિશ્વની સૌથી ઉંચી દ્વિ-લેન ટનલ સેલા પણ તૈયાર છે અને એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં જ વડાપ્રધાન તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. ટૂંક સમયમાં સેલા ટનલનું વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. તે વિશ્વની સૌથી ઊંચી અને સૌથી લાંબી ટુ-લેન ટનલ હશે.લદ્દાખ ક્ષેત્રમાં ભૌતિક જોડાણ વધારવા માટે ભારતીય સૈન્યની માર્ગ નિર્માણ એજન્સી દ્વારા બીજી એક વિક્રમજનક પ્રવૃત્તિમાં, મનાલીથી ઝંસ્કરથી લેહને જોડતી શિંકુ લા ટનલનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. ચીનમાં આવેલી સૈન્ક ટનલનો રેકોર્ડ તોડીને તે વિશ્વની સૌથી ઉંચી ટનલ હશે.એર કનેક્ટિવિટીના સંદર્ભમાં, મ્ઈ ચીફ રાજીવ ચૌધરીએ કહ્યું કે પૂર્વી લદ્દાખમાં માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત ન્યોમા એરફિલ્ડ ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે. તેમાં ફાઈટર એરક્રાફ્ટ ચલાવવાની ક્ષમતા હશે. તેમણે કહ્યું કે ન્યોમા એરફિલ્ડ પૂર્ણ થવા પર વિશ્વના સૌથી ઊંચા એરફિલ્ડમાંનું એક હશે. અમે તેને આવતા વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી શકીશું.

### ૧૫મા બ્રિક્સ શિખર સમ્મેલનનું આયોજન

# જોહાનિસબર્ગમાં બ્રિક્સ શિખર સંમેલનમાં મોદી ભાગ લેશે

નવી દિલ્હી, તા.૨૧

સાઉથ આફ્રિકાની અધ્યક્ષતામાં આ વખતે ૧૫માં બ્રિક્સ શિખર સમ્મેલનનું આયોજન થવા જઈ રહ્યું છે.

જોહાનિસબર્ગમાં યોજાઈ રહેલા આ શિખર સમ્મેલનમાં વડાપ્રધાન મોદી પણ ભાગ લેશે. પીએમ મોદી આવતી કાલે સંમેલનમાં ભાગ લેવા માટે રવાના થશે અને આ જ દિવસે સમૂહના વ્યાપાર મંચની બેઠક સાથે તેની શરૂઆત થશે. આ સમ્મેલન ૨૨થી ૨૪ ઓગષ્ટ સુધી ચાલશે.

આ સમ્મેલનમાં અનેક મુદ્દા પર ભારતનું ફોકસ રહેશે. જેમાં આર્થિક સુરક્ષા હિત જ સર્વોપરી થશે. આર્થિક સહયોગ, ખાદ્ય સુરક્ષા અને બ્રિક્સ વિસ્તારથી સબંધિત મુદ્દા પર ચર્ચામાં ભાગ લેવા ઉપરાંત પીએમ મોદી દ્વારા શિખર સમ્મેલનમાં સદસ્ય દેશોને એક-બીજાના સુરક્ષા હિતોનું સમ્માન કરવા અને આતંકવાદ વિરુદ્ધ એક અવાજમાં બોલવાની આવશ્યકતા પર પણ ભાર મૂકવાની ઉમ્મીદ છે.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ચીનના શી જિનપિંગ, બ્રાઝિલના લુઈઝ લુલા દા સિલ્વા સહિત ૫૦ થી વધુ દેશોના નેતાઓની સામેલ થવાની સંભાવના છે. ૨૦૧૯ બાદ પીએમ મોદીનું આ પ્રથમ વ્યક્તિગત બ્રિક્સ સમ્મેલન હશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ આ સમ્મેલનમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાશે.

મોદી મંગળવારે બિઝનેસ ફોરમને સંબોધિત કરશે જ્યાં તેમના પર આવા સમયમાં બ્રિક્સના મહત્વને રેખાંકિત કરવાની અપેક્ષા છે જ્યારે વિશ્વ હજુ પણ કોરોના મહામારી, યુક્રેન યુદ્ધના પરિણામો સાથે ઝઝૂમી રહ્યું છે.

પીએમમોદી પોતાના સંબોધનમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સહિત તેમની સરકારની કેટલીક સિદ્ધિઓને પણ ગણાવી શકે છે.

શિખર સંમેલનના પ્રથમ દિવસે નેતાઓની મુલાકાત વચ્ચે પીએમ મોદી પ્રથમ વખત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે રૂબરૂ થશે. જો કે સત્તાવાર રીતે બંને નેતાઓની મુલાકાત હજુ સુધી સામે નથી આવી. બંને પક્ષોએ બેઠકનો પણ ઈનકાર નથી કર્યો કારણ કે, બંને નેતાઓ જોહાનિસબર્ગમાં લગભગ ૪૮ કલાક એક સાથે રહેશે.

એવી પણ શક્યતા છે કે, પીએમ મોદી રશિયા-યુક્રેન યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવા અને આ યુદ્ધને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા માટે પણ ભાર મૂકી શકે છે. બીજી તરફ પીએમ શી જિનપિંગની હાજરીમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવવા પર પણ વિચાર કરી શકે છે.

બ્રિક્સ સદસ્યતા માટે ૨૨ દેશોની કતારમાં હોવાથી સભ્ય દેશોનું ફોકસ તેના વિસ્તરણ પર પણ રહેશે.

ચીનના અતિશય પ્રભાવના ડરથી અને પશ્ચિમથી દૂર રહેવાથી સાવચેત રહીને ભારત અને બ્રાઝિલ બંનેએ આ મુદ્દા પર સાવધાનીપૂર્વક પગલું ભર્યું છે.

હાલમાં બ્રિક્સના બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા એમ પાંચ સદસ્યો છે.

# અમરેલી ખાતે ''બીમ્સ આસ્થા'' હોસ્પિટલ અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટીના સંયુક્ત ઉપક્રમે વિનામુલ્યે સુપરસ્પેશ્યાલીટી કેમ્પ યોજાયો









બીમ્સ આસ્થા હોસ્પીટલ અમરેલી અને લાયન્સ કલબ અમરેલી સીટીના સંયુકત ઉપક્રમે તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ બીમ્સ આસ્થા હોસ્પિટલ, લીલીયા રોડ, માણેકપરા ખાતે નિઃશુલ્ક સુપર સ્પેશિયાલીટી કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ન્યુરોલોજીસ્ટ ડો. અશ્વિન લાઠીયા, નેફ્રોલોજીસ્ટ ડો. નિલવ શાહ, ગેસ્ટ્રો સર્જન ડો. વિજયરાજ ગોહિલ, કાર્ડિયોલોજિસ્ટ ડો. વરૂણ સિબ્બલ અને રાજેશ સિંઘ, મોં તથા જડબાના સર્જન ડો. હિરેન ડુંગરાણી, સ્પાઈન સર્જન ડો. સુરેશ પરમાર, ઓર્થોપેડિક સર્જન ડો. દિક્ષીત ચૌધરી અને ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડો. તપન ડોડિયાએ તેમની મફત સેવાઓ આપી હતી. કાર્યક્રમની શરૂઆત તમામ ડોકટર્સ એન્ડ લાયન્સ કલબ અમરેલી સીટીના લાયન જયેશભાઈ પંડયા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, ડો. અશોક એન. પરમાર (મેડીકલ ડાયરેકટર) અને યુનિટ હેડ સુરજ સિંઘ દ્વારા દીપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી. કેમ્પમાં વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમ કે BMI, BP, બ્લડ સુગર, ECG, 2D – Echo, બોન માસ ડેન્સિટી વિના મૂલ્યે કરવામાં આવી હતી, અને અન્ય તમામ પરીક્ષણો પર ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું, હોસ્પિટલના યુનિટ હેડ સૂરજસિંહે જણાવ્યું કે આ કેમ્પનો હેતુ અમરેલી જિલ્લાના લોકોને સુપર સ્પેશિયાલિટી સેવાઓ પૂરી પાડવાનો હતો, જેની અમરેલી જિલ્લાને સખત જરૂર છે, તેમણે એમ પણ જણાવ્યું કે ભાવનગરની પ્રખ્યાત બીમ્સ હોસ્પિટલ હવે તમારા શહેર અમરેલી ખાતે ડો. અશોક એન. પરમાર (ફિઝિશિયન), ડો. દીક્ષિત ચૌધરી (ઓર્થો અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન), ડો. તપન ડોડિયા (ક્રિટીકલ કેર અને ICU), ડો. વરૂણ સિબ્બલ અને ડો. રાજેશ સિંઘ (કાર્ડિયોલોજિસ્ટ) છે. તેમની સેવાઓ પ્રદાન કરે છે. આ કેમ્પમાં બીમ્સના ડાયરેકટર હિમાંશુભાઈ પટેલ, કેતનભાઈ પરીખ અને માર્કેટીંગ હેડ જીજ્ઞેશ એ. ભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા

## સેન્સેક્સમાં ૨૬૭ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી ૧૯૩૫૦ પોઈન્ટને પાર

### બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ, પાવરગ્રીડ કોર્પ અને અદાણી એન્ટરપ્રાઇઝિસે નિફ્ટીમાં સૌથી વધુ ઉછાળો જોવાયો

મુંબઈ, તા.૨૧

સોમવારે સ્થાનિક શેરબજારો ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૨૬૭.૪૩ પોઈન્ટ એટલે કે ૦.૪૧ ટકાના વધારા સાથે ૬૫,૨૧૬.૦૯ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો.

એ જ રીતે, એનએસઈનિફ્ટી ૮૩.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૪૩ ટકાના વધારા સાથે ૧૯,૩૯૩.૬૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

બજાજ ફાઈનાન્સ, અદાણી પોર્ટ્સ, પાવરગ્રીડ કોર્પ અને અદાણી એન્ટરપ્રાઈઝિસે નિફ્ટીમાં સૌથી વધુ ઉછાળો જોવાયો હતો. તે જ સમયે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (આરઆઈએલ), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, એસબીઆઈલાઈફ ઈન્સ્યોરન્સ અને બજાજ ઓટોમાં બ્રેક જોવા મળી હતી. પાવર ગ્રીડનો શેર બીએસઈસેન્સેક્સ પર સૌથી વધુ ૨.૫૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

એ જ રીતે ઈન્ડસઈન્ડ બેંક, એનટીપીસી, ભારતી એરટેલ, આઈટીસી, બજાજ ફિનસર્વ, ઈન્ફોસિસ અને નેસ્લે ઈન્ડિયાના શેર એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા.

આ સિવાય ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, એક્સિસ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા મોટર્સ, એશિયન પેઈન્ટ્સ, વિપ્રો, કોટક મહિન્દ્રા બેંક, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક અને એચયુએલ લીલા નિશાન સાથે બંધ થયા છે. જીયો ફાઈનાન્સનો શેર સેન્સેક્સમાં સૌથી વધુ ૫ ટકાના નુકસાન સાથે બંધ થયો હતો. એ જ રીતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, એસબીઆઈ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એચડીએફસી બેંકના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

આજે તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા છે. રિયલ એસ્ટેટ, મેટલ, પાવર અને કેપિટલ ગુડ્સમાં ૧-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં લગભગ એક-એક ટકાનો વધારો જોવા મળ્યો હતો.

જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજય કુમારે જણાવ્યું હતું કે યુએસ અર્થતંત્રે જે પ્રકારની સ્થિતિ સ્થાપકતા દર્શાવી છે અને લેબર માર્કેટમાં જે પ્રકારની ચપળતા જોવા મળી છે તે આશ્ચર્યથી ઓછું નથી. કોવિડ લોકડાઉન સમયે યુએસ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલું પાંચ ટ્રિલિયન ડોલરનું નાણાકીય પેકેજ યુએસ અર્થતંત્રની મજબૂતીનું એક મોટું કારણ છે.

જ્યારે સરકારે રાહત પેકેજની જાહેરાત કરી હતી, ત્યારે લોકડાઉનને કારણે તેને ખર્ચવાનો કોઈ વિકલ્પ નહોતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ગુજરાત હાઈકોર્ટ સામે રોષ ઠાલવતી દેશની વડી અદાલત

## સુપ્રીમના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરવો એ બંધારણની વિચારધારા વિરુદ્ધ

### સુપ્રીમકોર્ટે એક દુષ્કર્મ પીડિતાની ગર્ભપાતની માગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે આ કડક ટિપ્પણી કરી

નવી દિલ્હી, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટ સામે રોષ ઠાલવતાં સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે કોઈપણ કોર્ટ દ્વારા સર્વોચ્ચ અદાલતના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરવો એ બંધારણની વિચારધારા વિરુદ્ધ છે. સુપ્રીમકોર્ટે એક દુષ્કર્મ પીડિતાની ગર્ભપાતની માગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે આ કડક ટિપ્પણી કરી હતી. દુષ્કર્મ પીડિતાએ તેના ગર્ભને દૂર કરવાની મંજૂરી માગતી અરજી કરી હતી. સુપ્રીમકોર્ટે આ મામલે આજે સુનાવણી માટે લિસ્ટેડ કર્યો હોવા છતાં ગુજરાત હાઈકોર્ટે આ મામલે શનિવારે આદેશ પસાર કરતાં સુપ્રીમકોર્ટ વિફરી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ બી.વી.નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે રોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટમાં શું ચાલી રહ્યું છે? ભારતમાં એવી કોઈ કોર્ટ નથી જે સર્વોચ્ચ અદાલતના ચુકાદા વિરુદ્ધ આદેશ પસાર કરી શકે. આ બંધારણની વિચારધારા વિરુદ્ધ છે. ગુજરાત સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા. તેમણે આ મામલે દલીલ કરી કે હાઈકોર્ટ દ્વારા આદેશ ફક્ત ક્લેરિકલ ભૂલને દૂર કરવા માટે અપાયો હતો. આ મામલે ગેરસમજ પેદા થઈ છે. તેમણે કહ્યું કે અમે સરકાર વતી જજને અપીલ કરીશું કે તેઓ તેમનો આદેશ પાછો ખેંચે. સુપ્રીમકોર્ટે પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી દીધી છે. સુપ્રીમકોર્ટે કહ્યું કે બાળક જીવિત રહે તો દત્તક લેવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. ઉલ્લેખનીય છેકે દુષ્કર્મ પીડિતાને ૨૭ અઠવાડિયાથી વધુ સમયનું ગર્ભ હતું. તેણે ગર્ભપાતની મંજૂરી માગી હતી.

જસ્ટિસ બી.વી.નાગરત્ના અને જસ્ટિસ ભુઈયાંની બેન્ચે શનિવારે પણ એક વિશેષ સુનાવણીમાં કહ્યું હતું કે આવા મામલે ગુજરાત હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી હાથ ધરવાની ભાવના અપનાવવી જોઈતી હતી. તેમણે તેને સામાન્ય મામલો ગણ્યો. આવું ઢીલાશભર્યું વલણ અયોગ્ય છે. બેન્ચે આ મામલે મહિલાની અરજી પર ગુજરાત સરકાર તથા અન્યોને નોટિસ જારી કરી તેની પાસે જવાબ પણ માગ્યો હતો.

### એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા

## પુલવામામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

### પુલવામાના લેરો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર કરાયું : જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય દળોના જવાનો આ ઓપરેશનમાં સામેલ થયા હતા

જમ્મુ, તા.૨૧

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાના લૈરો-પરીગામ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદી માર્યા ગયા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય દળોના જવાનો આ ઓપરેશનમાં સામેલ છે.

કાશ્મીર ઝોન પોલીસે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર શરૂ થયાની માહિતી આપી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' (અગાઉના ટ્વિટર) પર કાશ્મીર ઝોન પોલીસના સત્તાવાર પેજ પર લખ્યું હતું કે પુલવામાના લેરો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર થયું છે. પોલીસ અને સુરક્ષા દળો ઓપરેશનમાં રોકાયેલા હતા.

મળતી માહિતી મુજબ, પુલવામા જિલ્લાના લારો-પરીગામ વિસ્તારમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું હતું. વાસ્તવમાં સુરક્ષા જવાનોને પરીગામ ગામમાં આતંકવાદીઓની હિલચાલની બાતમી મળી હતી. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોને કાશ્મીરમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટ અને જમ્મુ-કાશ્મીર પોલીસ ૫ ઓગસ્ટથી સંયુક્ત ઓપરેશન ચલાવી રહી છે.

હાલમાં જ સુરક્ષા દળોને એન્કાઉન્ટરમાં મોટી સફળતા મળી હતી. આ પહેલા ૧૮ જુલાઈના રોજ સુરક્ષા દળોએ એક્રાઉન્ટરમાં ૪ આતંકીઓને ઠાર કર્યા હતા. આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે આ અથડામણ પૂંચના સિંધરા વિસ્તારમાં થઈ હતી.

ખરેખર, સુરક્ષા દળોને સિંધરા વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર પણ થયો હતો. આ પછી આખી રાત આતંકીઓને ઘેરીને નજર રાખવામાં આવી હતી.

કહેવામાં આવી રહ્યું છે. હાલમાં ઘાટીમાં સક્રિય આતંકવાદીઓની સંખ્યા ૫૦ની આસપાસ છે. આ સિવાય ઘાટીમાં હાલમાં ૨૦-૨૪ વિદેશી આતંકીઓ છે.

કેન્દ્રીય એજન્સીઓ અનુસાર, ૩૦-૩૫ આતંકવાદીઓ સ્થાનિક છે અને બાકીના વિદેશી આતંકવાદીઓ છે. બે મહિના પહેલા ડીજીપી દિલબાગ સિંહે કહ્યું હતું કે અમે આતંકની ઈકો સિસ્ટમને ચારે બાજુથી ઘેરી લીધી છે. ભલે તે પથ્થરબાજો પર કાર્યવાહી હોય કે અલગતાવાદીઓ પરની કાર્યવાહી હોય, ફાઈનાન્સરો પરની કાર્યવાહી હોય કે સરહદ પારથી ડ્રોન દ્વારા આવતા હથિયારો જપ્ત કરવાની હોય. પોલીસ અને સુરક્ષા દળોએ આતંકવાદને ઘણી હદ સુધી કાબૂમાં લેવામાં સફળતા મેળવી છે. જ્યાં વર્ષ ૨૦૧૭ થી જ્યારે આતંકવાદીઓની સંખ્યા ૩૫૦ હતી, હવે તેમની સંખ્યા ઘટીને બે આંકડામાં આવી ગઈ છે.

# અમરેલી જિલ્લામાં ''મારી માટી મારો દેશ'' અભિયાનને સફળતા મળી










સ્વાતંત્ર્ય પર્વના અવસરે માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આગામી તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં સફળતાપૂર્વક વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લામાં ૬૦૦ ગ્રામ પંચાયત, ૧૧ તાલુકા પંચાયત, ૦૯ નગરપાલિકા કક્ષાના કાર્યક્રમો સંપન્ન થયા હતા. અમરેલી જિલ્લામાં ' મારી માટી મારો દેશ' 'માટીને નમન વીરોને વંદન' અભિયાનમાં જોડાવાની સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ માતૃભૂમિના વીર અને વીરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કર્યા હતા. જિલ્લામાં આ અભિયાન દરમિયાન નોંધાયેલા આંકડાઓ મુજબ ૨૧ આગસ્ટની સ્થિતિએ જિલ્લામાં કુલ ૬૨૦ શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જયારેઆ કાર્યક્રમ માટે તૈયાર કરવામાં આવેલા પોર્ટલ પર ૩૮,૫૫૨ નાગરિકોએ સેલ્ફી અપલોડ કરી હતી. સમગ્ર અભિયાન દરમિયાન જિલ્લામાં ૫૭,૪૫૭ નાગરિકોએ પંચપ્રણની પ્રતિજ્ઞા લઈ પોર્ટલ પર તેની એન્ટ્રી કરાવી હતી. જયારે અમરેલી જિલ્લામાં કુલ ૬૪૪ અમૃત વિકાસ વાટિકાનું સર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં કાર્યક્રમ દરમિયાન દેશી કુળ ના ૪૯,૨૫૮ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ૭૧૪ વીરોનું વિવિધ સ્તરે કાર્યક્રમ દ્વારા જિલ્લામાં સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લામાં આ અભિયાન અંતર્ગત કુલ ૫૭,૨૫૭ નાગરિકોએ રાષ્ટ્રગાન અને ધ્વજવંદના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર રાજયમાં આ કાર્યક્રમ ૧૪,૬૦૭ ગ્રામ પંચાયતો, ૨૪૮ તાલુકા પંચાયતો, ૧૫૭ નગરપાલિકાઓ અને ૦૮ મહાનગરપાલિકાઓમાં આ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમગ્ર રાજયમાં ૨૧ આગસ્ટની સ્થિતિએ ૧૫,૧૩૬ શિલાફલકમનું અનાવરણ થયું હતું. જયારે ૧૫,૫૮,૧૬૬ સેલ્ફી નાગરિકોએ અપલોડ કરી હતી. જયારે ૨૧,૨૮,૧૦૫ નાગરિકોએ પંચપ્રણની પ્રતિજ્ઞા લીધી હતી. રાજયમાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન ૧૬,૩૩૬ અમૃત વિકાસ વાટીકાનું નિર્માણ કરવામાં આવ્યું, જયારે ૧૨,૨૮,૦૨૫ વૃક્ષોનું વાવેતરણ કરવામાં આવ્યું, ૨૯,૯૨૫ વીરોનું સમગ્ર રાજયમાં સન્માન કરવામાં આવ્યું, જયારે ૨૧,૦૧,૦૮૫ નાગરિકોએ રાષ્ટ્રગાન અને ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લીધો છે. જિલ્લામાં વિવિધ સ્તરે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ, નાયબ મુખ્ય દંડક, સાંસદ, જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય સર્વઓ, તાલુકા પંચાયતના પ્રમુખો, સદસ્યો, સંરપંચો અને ગ્રામ પંચાયતના સભ્યો, જિલ્લા–તાલુકા, નગરપાલિકા વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, પદાધિકારીઓ સહિતના આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# કતારગામનાં ગજેરા વિદ્યાભવનની ૨૩ વિદ્યાર્થીનીઓ NSS કેમ્પમાં જોડાઈ







અમરેલી ગજેરા વિદ્યાભવન કતારગામની વિદ્યાર્થીનીઓ ૬ ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી. કેમ્પ માટે રાજપીપળા મુકામે તા. ૪/૮/૨૦૨૩ થી ૧૩/૮/૨૦૨૩ સુધી ૧૦ દિવસ માટે ૨૩ વિદ્યાર્થીનીઓ ગઈ હતી. આ કેમ્પમાં ૧૦ દિવસ સુધી રહીને જીવનશૈલી તથા જરૂરી ટ્રેનિંગ મેળવી હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા થઈ હતી. તે ઉપરાંત રાઈફલ શુટીંગ, ટ્રેકિંગ તથા થિયરીકલ વિષયોની પણ સમજ આપવામાં આવી હતી. બાળકોમાં ટ્રેનિંગ બાદ ખૂબ જ અસરકારક ફેરફારો જોવા મળ્યો હતો. આજરોજ શાળામાં કેમ્પમાંથી આવેલ વિદ્યાર્થીનીઓનો પ્રતિભાવ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં છોકરીઓએ પોતાનાં એન.સી.સી. કેમ્પ વિશેનાં પ્રતિભાવો રજૂ કર્યા હતા. જેમાં કેમ્પમાં કઈ કઈ બાબતો શીખ્યા અને કોઈપણ પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કરી શકાય તેની ટ્રેનિંગ મેળવી હતી. બાળકો પાસે ટ્રેકિંગ કેમ્પ, રાઈફલ શુટીંગ, યોગા, રમત–ગમત જેવી વિવિધ પ્રવૃતિઓ પણ કરવામાં આવી હતી. સાચા અર્થમાં એન.સી.સી. શું છે તે અંગેની સમજ આ કેમ્પની સફળતા બદલ શાળા પરિવાર, શાળાનાં આચાર્ય અને ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા : શંકાસ્પદ એન્ડ્રોઈડ

બાતમી મળતાં મજકુર ઈસમને ચેક કરતાં તેની પાસેથી અલગ અલગ કંપનીનાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૫ કિ. રૂા. ૪૨,૦૦૦ નો મુદામાલ શક પડતી મિલ્કત તરીકે સી.આર.પી.સી. કલમ – ૧૦૨ મુજબ કબ્જે કરી મજકુર ઈસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી સી.આર.પી.સી. કલમ–૪૧ (૧) ડી મુજબ ધોરણસર અટક કરેલ છે.

ઝડપાયેલા આરોપીએ આજથી આશરે એકાદ મહીનાં પહેલા અમદાવાદ મુકામે ગીતા મંદિર બસ સ્ટેશનમાં બસમાં ચડતી વખતે એક મુસાફરનાં શર્ટનાં ઉપરનાં ખિસ્સામાંથી સેમસંગ કંપનીનાં મોબાઈલની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે. તેમજ વીસેક દિવસ પહેલા ધારી મુકામે બસ સ્ટેશનમાં બસમાં ચડતી વખતે એક મુસાફરના શર્ટનાં ઉપરનાં ખિસ્સામાંથી સેમસંગ કંપનીનાં મોબાઈલની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે. તેમજ આજથી આઠેક દિવસ પહેલા ભાવનગર મુકામેથી આઈટેલ કંપનીનાં મોબાઈલ ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાંધણગેસ, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં

પેટ્રોલ–ડીઝલ પરની એકસાઈઝ ઘટાડીને તેના ભાવ ઘટાડાનો લાભ આમ વર્ગને આપશે તેવા સંકેતો વચ્ચે કેન્દ્ર સરકારે આ પ્રકારે ઈંધણના ભાવ ઘટાડાની શકયતા નકારી છે.

કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીએ પેટ્રોલ–ડીઝલમાં એકસાઈઝ ઘટાડીને ભાવ ઘટાડાની શકયતા નકારી છે. તેઓએ શનિવારે એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં અમારી સરકાર પેટ્રોલ–ડીઝલનાં ભાવમાં ઘટાડો કરવા પ્રયત્ન કરી રહી છે પરંતુ આંત્તરરાષ્ટ્રીય બજારમાં જે રીતે ક્રુડતેલના ભાવ ઉંચા છે તેથી ઘરઆંગણી ભાવ ઘટાડામાં કોઈ સફળતા મળતી નથી. તેઓએ સરકાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને એકસાઈઝ ઘટાડશે તેવા અહેવાલને ભ્રમ તરીકે ઓળખાવતા કહ્યું કે મિડીયા આ તમામ ભ્રમ ફેલાવી રહી છે. આ ઉપરાંત મંત્રાલયના એક અધિકારીએ કહ્યું કે પેટ્રોલ–ડીઝલના ઉંચા ભાવથી ચિંતા જરૂર છે પણ આંત્તરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવ ૯૦ ડોલર આસપાસ જ રહે છે પણ સરકાર એકસાઈઝ ઘટાડવાની શકયતા ચકાસતી નથી. કારણ કે સરકાર માળખાકીય ક્ષેત્રમાં મોટું રોકાણ કરી રહી છે. હાલ જે કોઈ મૂડી રોકાણ આવે તેમાં સરકારી મૂડી રોકાણ જ સૌથી વધુ છે. ખાનગી ક્ષેત્રમાં મોટું રોકાણ આવતું નથી. સરકારનો મૂડી ખર્ચ વધીને રૂા. ૧૦ લાખ કરોડ થયો છે અને હજુ ચોમાસુ પુરૂ રીતે સંતોષકારક નથી તો તેનાથી કૃષિ ઉત્પાદન પર પણ અસર થશે. ફુગાવો હાલ ઉંચો છે પણ તેમાં પટ્રોલ–ડીઝલના ભાવની ભૂમિકા અર્થતંત્ર લાંબા સમય પૂર્વે પચાવી ગયું છે. સરકારની ચિંતા ઘઉં, ચોખા, દાળ, ખાદ્યતેલના ભાવની છે અને ધડાધડ નિકાસ પ્રતિબંધ આવી રહ્યા છે તથા ભારત વિશ્વમાં ખરીદાર છે તે જોતા અનેક દેશોમાં દાળના ભાવ વધ્યા છે જ. ભારતને મોંઘી દાળ ખરદવી પડશે.

ભારત હવે ઘઉંનું પણ આયાતકાર બની રહ્યું છે. આમ આંત્તરરાષ્ટ્રીય ફેકટર ભારતની મોંઘવારીને અસર કરે છે. રીઝર્વ બેન્ક પણ ફુગાવાથી ચિંતિત છે તેથી જ વ્યાજદરમાં રાહત નથી આપી. જથ્થાબંધ ફુગાવો ઉંચો જતાં હવે છૂટક ફુગાવો વધશે તો સરકારે કેટલાંક આનુસાંગીક પગલા લેવા પડશે.

## પાના ૧ ઉપરનું ચાલું જનતાએ ઘંટારવ કરીને

આપવામાં આવ્યો હતો.

અમરેલીમાં સાંજના ૬ કલાકે નાગનાથ મહાદેવના સાંધિન્યમાં મોટી સંખ્યામાં શહેરના લોકો એકઠા થયા હતા અને સામૂહિક રીતે ઘંટારવ કરવામાં આવ્યો હતો અને થાળીઓ વગાડીને પણ બ્રોડગેજની માંગણી સાથે વિરોધ કરાયો હતો અને કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા તંત્રને જગાડવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં જેશીંગપરા માર્ગ પરનાં પુલની

કરવો પડે છે અને પુલ ઉપર સ્ટ્રીટ લાઈટ પણ નથી જેનાથી રાત્રીના સમયે અકસ્માત થવાની ખુબ જ સંભાવના છે, અને પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ ગયેલ છે, કામનાથ મંદિર પણ આ જગ્યાએ આવેલ હોવાથી શિવભકતોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આથી તાત્કાલીક આ પુલ ઉપર સેફટી ગ્રીલ અને સ્ટ્રીટ લાઈટ નાંખવાની રજુઆત પાલિકાના નિયામક, કલેકટર, કાર્યપાલક ઈજનેરને પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ રજૂઆત કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીના આરએસ રોડ લાઇન્સને

આર.એસ. રોડ લાઈન્સને રૂા.૬,૧૭,૬૦૦/– ની રકમનું બિલ ચુકવવામાં આવેલ હતું જે અંગે પાલિકાની કારોબારી સમિતિના ઠરાવ મુજબ ચુકવેલ રકમ અંગે તપાસ હાથ ધરવા આદેશ કરવામાં આવેલ હતો. જે તપાસ રિપોર્ટમાં આ રકમ ગેરકાયદેસર ચુકવાતા નગરપાલિકાને નાણાકીય નુકસાની થયેલ હોય તેથી ગેરકાયદેસર ચુકવાયેલા આ નાણા દિન દસમાં નગરપાલિકામાં જમા કરાવવા કોન્ટ્રાકટરને ચીફ ઓફિસર દ્વારા આજે નોટિસ ફટકારવામાં આવેલ હતી. સાથોસાથ દિન ૧૦માં નાણા જમા ન કરાવે તો ફોજદારી રાહે કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવેલ હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અકસ્માતે પડી જવાથી મોત થયું

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના વડ ગામે રહેતાં અને માલઢોર ચારવાનો ધંધો કરતાં કાળુભાઈ દાદાભાઈ ધાખડા (ઉ.વ. ૭૨) ગઈકાલે વડ ગામ પાસે આવેલ ધાતરવડી નદિના કિનારે પોતાના માલઢોર ચારવા માટે ગયેલા હતાં અને તે અકસ્માતે પાણીમાં પડી જતાં તેમનું ડુબી જવાથી તેમનું મોત થયું હતું.

આ બનાવ અંગે રાજુલા મામલતદાર દ્વારા અમરેલી જિલ્લાના ફાયર કંટ્રોલરૂમ ખાતે જાણ કરવામાં આવી હતી કે રાજુલા તાલુકાના વડ ગામ નજીક આવેલ ધાતરડી નદીમાં કોઈ એક અજાણી વ્યકિત ડૂબી જવાની ઘટના બનેલ. તેના અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તેમની શોધખોળ આદરી બોડીનુ રેસ્કયુ કરી ૧૦૮ની ટીમને પોસ્ટમોર્ટમ માટે સોંપી આપેલ હતી. આ કામગીરી કરવામાં ફાયર સ્ટાફના કૃષ્ણભાઈ ઓળકિયા, સવજીભાઈ ડાભી, પ્રવીણભાઈ ચૌહાણ, રાવતસિંહ સિધ્ધરાજસિંહ, વિજયભાઈ તથા મિલનભાઈ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા બોરડી ગામની પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૨૧

આજ રોજ બોરડી પ્રાથમિક શાળા તા.ધારીમા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજીત બાળ મેળો અને લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧ થી ૫ ધોરણ માટે બાલમેળાનું આયોજન હતું તેમાં માટીકામ. ચીટકકામ કાગળકામ રંગપૂરણી ચિત્રકામ જેવી બાળકોને ગમતી પ્રવૃત્તિ કરવામાં આવી તેમજ ધોરણ ૬ થી ૮મા લાઈફ સ્કીલ મેળ ેનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાઈકલ પંચર વેસ્ટમાંથી બેસ્ટ તેમજ અન્ય વિવિધ પ્રવૃતિઓ કરાઈ હતી ત્યારબાદ આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો દ્વારા ખાણી પીણીની વિવિધ વસ્તુઓનું ઘરેથી બનાવીને લાવી સ્ટોલ બનાવી વેચાણ કર્યુ આનંદ સાથે વ્યવહારિક કૌશલ્ય મેળવ્યું અને ખરા અર્થમાં ખુબ મજા માણી બાળકોને પ્રેરણાદાયી અને પ્રોત્સાહન ગ્રામજનોએ હાજરી આપી હતી આ કાર્યક્રમને સફળ બનાવવામાં માં શાળાના આચાર્ય મનીષાબેન ગજેરા પ્રવનિબેન ભટ્ટ મનીષાબેન વાછાણી જાગૃતિબેન રીબડીયા વગેરે સ્ટાફે સારૂં માર્ગદર્શન આપ્યું હતું.

## સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરી ઉનાનાં કાજરડી ગામ નજીકથી શંકાસ્પદ મો.સા. સાથે એક ઈસમની અટકાયત

### પ્રવિણભાઈ વાળાની પુછપરછ શરૂ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૧

ગીરસોમનાથ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ એન.જાડેજા દ્વારા જીલ્લામાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા માટે તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને ગીર સોમનાથ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પો.ઈન્સ. એ.બી.જાડેજા સાહેબનાં માર્ગદર્શન અનુસંધાને એસ.ઓ.જી. સ્ટાફનાં એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવા તથા પો.હેડ કોન્સ. સુભાષભાઈ ચાવડા તથા શાંતીલાલ સોલંકી તથા ગોપાલભાઈ મોરી તથા પો.કોન્સ. મેહુલસિંહ પરમાર એ રીતેનાં ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન એસ.ઓ.જી. સ્ટાફનાં પો. હેડ કોન્સ. ગોપાલભાઈ મોરી તથા પો.કોન્સ. મેહુલસિંહ પરમારને મળેલ સંયુકત બાતમી હકિકત આધારે કાજરડી ગામ રોડ પાસેથી પ્રવિણભાઈ દાનાભાઈ વાળા (ઉવ.૩૫) રહે. કાજરડી ગામ તા. ઉના વાળા પાસેથી સફેદ કલરની હોન્ડા એકટીવા મો.સા. જેની આગળ પાછળની નંબર પ્લેટમાં DD–02-E-0645 જેની કિ. રૂા.૩૦,૦૦૦/– વાળી ગાડીના આર.ટી.ઓ.નાં જરૂરી સાધનિક કાગળો, આધાર, પુરાવા કે બીલ તેમજ વાહન માલીક અંગે કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી મો.સા. છળકપટથી કે ચોરી કરી મેળવેલ હોય જેથી આ બાઈક ચોર ઈસમને ઝડપી ઉના પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૫૦ | ૧૪૭૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૫ | ૧૬૬૨ |
| ૩ | શિંગ મોટી નવી | ૮૫૫ | ૮૫૫ |
| ૪ | શિંગદાણા | ૧૪૬૦ | ૨૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૩૬૯ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૨૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૯૨ | ૩૨૯૨ |
| ૮ | બાજરો | ૩૪૨ | ૪૨૯ |
| ૯ | જુવાર | ૪૮૫ | ૯૯૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૪૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૪ | ૫૩૨ |
| ૧૨ | અડદ | ૫૬૫ | ૫૬૫ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૧૧૧ |
| ૧૪ | ચણા દેશી | ૯૭૧ | ૧૨૨૧ |
| ૧૫ | તુવેર | ૧૩૫૦ | ૨૨૦૦ |
| ૧૬ | કપાસ | ૯૫૦ | ૧૫૮૩ |
| ૧૭ | એરંડા | ૧૦૮૧ | ૧૨૧૧ |
| ૧૮ | રાયડો | ૯૪૭ | ૯૭૦ |
| ૧૯ | રાય | ૧૨૧૬ | ૧૨૫૦ |
| ૨૦ | ધાણા | ૯૫૦ | ૧૪૯૦ |
| ૨૧ | સોયાબીન | ૮૮૦ | ૯૩૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૫૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૨ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૪૨૨ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૦૦ |
| ૫ | જીરૂ | ૮૫૦૦ | ૯૧૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૬ |
| ૯ | બાજરો | ૩૭૦ | ૪૨૫ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૮૯૨ |
| ૧૧ | અજમા | ૨૭૫૦ | – |
| ૧૨ | ચણા | ૯૨૦ | ૧૦૮૨ |
| ૧૩ | તુવેર | ૧૪૫૦ | ૨૦૯૫ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૯૧૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૯૦ | ૧૬૧૦ |
| ૨ | મગ | ૧૩૭૫ | ૧૭૨૫ |
| ૩ | ઘઉં | ૪૦૨ | ૫૧૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૫ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૩ | ચણા | ૯૨૫ | ૯૨૫ |
| ૪ | તુવેર | ૧૯૯૦ | ૧૯૯૦ |
| ૫ | તલ | ૩૦૫૦ | ૩૦૫૦ |
| ૬ | વરીયાળી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૭ | જીરૂ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૨૦ | ૧૬૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૫૧૬ | ૧૫૧૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૨૫ | ૩૨૦૨ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૫૯૨ |
| ૪ | બાજરો | ૩૮૧ | ૪૬૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૨૫ |
| ૬ | જુવાર | ૪૪૫ | ૧૦૪૦ |
| ૭ | અજમા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| ૯ | શીંગદાણા | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૧૦ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | સોયાબીન | ૯૧૫ | ૯૨૧ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૯ |
| ૨ | ચણા | ૯૨૯ | ૧૦૪૭ |
| ૩ | રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | ચણા છોલે | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૫ | સોયા | ૮૪૩ | ૯૧૯ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૧ | ૫૦૯ |
| ૭ | મેથી | ૮૭૮ | ૮૮૦ |
| ૮ | તલ સફેદ | ૨૯૯૯ | ૩૧૬૨ |
| ૯ | શીંગદાણા | ૧૬૪૦ | ૧૭૦૫ |
| ૧૦ | મગફળી | ૧૨૦૦ | ૧૪૭૭ |
| ૧૧ | ધાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૨ | તુવેર | ૧૩૧૦ | ૧૩૧૦ |

### ખારાપાટનાં ખેડૂતો માટે પ્રેરણાદાયી ઘટના

# અમરેલી પંથકનાં ખારાપાટનાં વિસ્તારમાં આવેલ જીરા ગામે ખેડૂતે કચ્છની મીઠી ખારેકનો પાક મેળવ્યો

## ભારે મહેનત કરી લાખો રૂપિયાની કમાણી કરી



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા તાલુકાના જીરા ગામના સિનિયર સીટીઝન ખેડૂત ઘનશ્યામભાઈ ચોડવડીયાની ખેતીની જમીન જીરા ગામ કે જે ખારોપાટ વિસ્તારમાં આવે છે. અહીંના ખેડૂતો વર્ષમાં માત્ર એક જ વાર વરસાદના આધાર પર ખેતી કરી શકે છે તથા તળ માં એટલે કે કુવા કે દારમાં પણ અત્યંત ખારાશવાળું ખારૂ પાણી આવે છે જેના હિસાબે ખેતીના પાકો લઈ શકાય નહીં. ત્યારે આ વિસ્તારનાં ખેડૂતો મોટા ભાગે વર્ષમાં માત્ર એકવાર કપાસની ખેતી કરે છે અને કપાસમાં પણ વધારે વરસાદ, ઓછો વરસાદ, કપાસના છોડમાં રોગ લાગવો વગેરે બાબતોથી નુકસાન જવા પામે છે જેના હિસાબે ખેતી કરવી ખૂબજ મુશ્કેલ બની છે. ત્યારે મૂળ સાવરકુંડલા તાલુકાના જીરા ગામના વતની અને સુરત પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા ઘનશ્યામભાઈએ સુરતથી દેહમાં વતનમાં આવ્યા બાદ ખેતી કરવાનો વિચાર આવ્યો અને આણંદ કૃષિ યુનિવર્સિટીના ટિબડીયાની સલાહ લઈ કચ્છની બર્ગરી અને ઈઝરાયેલ ખારેકના રોપા લઈ પોતાની અઢી વિઘા ખેતીમાં વાવી બાગાયત ખેતીની ૧૦૦% સંપૂર્ણ ઓર્ગેનિક ખેતી શરૂ કરવામાં આવી. કચ્છમાંથી ખારેકના રોપા લઈ પોતાના ગામ સાવરકુંડલા તાલુકાના જીરા ગામે તેમની જમીનમાં વાવવામાં આવ્યા જેના એક રોપાની કિંમત ૩૨૦૦ રૂપિયા છે અને તેમાં રાજય સરકાર બાગાયત વિભાગ દ્વારા ૧૨૦૦ રૂપિયાની સબસીડી આપવામાં આવે છે. ખારેકના રોપા વાવ્યા પછી તેમને ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ચોથા વર્ષથી જ ખારેકની લુમોને લુમોનો મબલખ પાક આવવા લાગે છે. જેમાં એક રોપામાં શરૂઆતમાં પહેલા જ વર્ષે જીરા ગામના ખેડૂતે ૧૨૦થી ૧૫૦ કિલો જેટલી ખારેકનું ઉત્પાદન મેળવ્યું છે જેનો ભાવ એક કિલોએ ૧૦૦ રૂપિયા આવી રહ્યોં છે. ખારેકના રોપાને માત્ર વર્ષમાં એકવાર દેશી ખાતર આપવામાં આવે છે.

જયારે કચ્છની ખારેકના પાકને પાણી પણ ખૂબ જ ઓછું આપવામાં આવે છે તેથી ઓછા પાણીમાં પણ ખેડૂતો સહેલાઈથી તેમની ખેતી કરી શકે છે તથા ચોમાસા દરમિયાન ચાર માસ પાણી પાવાની જરૂર પડતી નથી અને શિયાળા તથા ઉનાળામાં ચાર દિવસે એકવાર પાણી આપવામાં આવે છે. જેમાં ખેડૂતો ખારાપાટ વિસ્તારમાં ખારૂં પાણી તથા અન્ય જમીનોમાં મીઠું અથવા તેના વિસ્તાર પ્રમાણે કોઈપણ પ્રકારનું પાણી આપી શકાય અને ખેતી કરી શકાય છે.

ખેડૂત પાસે કુલ ચાલીસ વિઘા જમીન છે જેમાંથી તેમણે શરૂઆતમાં અઢી વિઘા જમીનમાં ખારેકની સફળ ખેતી કરી સારી એવી લાખો રૂપિયાની આવક મેળવી. હવે અન્ય પડેલી જમીનોમાં પણ તેમના દ્વારા ખારેકની ખેતીમાં વધારો કરી કચ્છની ખારેકના રોપા લાવી વાવેતર કરવામાં આવશે. તેમજ તેમના દ્વારા ખારેકની બાગાયત ખેતી કરી રાજય સરકાર દ્વારા બાગાયત વિભાગની સહાયો દ્વારા મીની ટ્રેકટર, દવાના છંટકાવ માટેના મોટા સ્પ્રે, પાક સંરક્ષણ સંગ્રહ માટે આરસીસી સ્લેબવાળું પાક્કું ગોડાઉન, દવાઓ વગેરે ઘણી બધી ખેડૂતો અને બાગાયત ખેતીમાં ઉપયોગી સાધનો અને સહાયો સહેલાઈથી મેળવી છે તથા મેળવી શકાય છે. એમ અમીતગીરી ગોસ્વામીની યાદીમાં જણાવાયું હતું.

### સંત કૃપાલસિંહજીની પુણ્યતિથિએ

# સાવન કૃપાલ મિશન દ્વારા આલુપુરી પ્રસાદનું વિતરણ

## અમદાવાદ, વડોદરાનાં ભકતોએ લાભ લીધો



અમરેલી, તા. ૨૧

સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા પરમ સંત કૃપાલ સિંહજી મહારાજના પુણ્યતિથિના અવસર પર આલુંપુરી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. વડોદરા અને અમદાવાદ સેંટર દ્વારા લગભગ ૧૧૦૦ થી વધારે લોકોને પ્રસાદ આપવામાં આવ્યું. સ્ટોલ પર વિતરણ જોડે સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું. આ સેવા સંત રાજીન્દર સિંહજી મહારાજના દયા મહેરથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સેંકડોની સંખ્યામાં ભાઈ–બહેન તેમને પોતાની ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા માટે એકઠા થયા હતા. આ અવસર પર આયોજિત કાર્યક્રમમાં સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજે પોતાના વિડીયો સત્સંગમાં કહ્યું કે 'પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ' આ દુનિયામાં આધ્યાત્મવાદનો સૂર્ય બનીને ઉદય થયા હતા. જયારે આવા મહાપુરૂષ આ સંસારમાં આવે છે તો તેઓ ફકત આપણો જ ઉદ્ધાર કરવા માટે નહીં પરંતુ આપણી ભવિષ્યની પેઢીનો ઉદ્ધાર પણ કરી દે છે. તેઓ આપણને સમજાવતા કે દરેક જીવ પિતા પરમેરને મેળવી શકે છે. તેમની યાદમાં એકઠા થવાનો હેતુ એ છે કે આપણે તેમના દ્વારા બનાવેલા રસ્તા ઉપર ચાલીએ. આપણે આપણું ધ્યાન પ્રભુની તરફ કરીએ. જે આપણી જિંદગીનો ધ્યેય કે પોતાની જાતને ઓળખવું અને પિતા પરમેરનો અનુભવ કરવો તે આ જ જીવનમાં પૂરો થાય'.

આ અવસર પર તેમના જીવનથી સંબંધિત અનેક ફિલ્મો દેખાડવામાં આવી જેમાં તે બતાવવામાં આવ્યું કે તેઓએ કેવી પ્રકારે લાખો લોકોનું ધ્યાન રૂહાનતની તરફ કર્યુ. અને લાખો લોકોએ પોતાની સાથે બનેલા તેમના રૂહાની અનુભવો પણ લોકોને બતાવ્યા. આજ દિવસે પરમ સંત કૃપાલસિંહજી મહારાજની પ્રેમ ભરી યાદમાં ભારતના અનેક રાજયો અને દિલ્હીમાં ૧૦૧ કેન્દ્રો પર હજારોની સંખ્યામાં લોકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું અને તેના સાથે તેમને મિશનનું સાહિત્ય નિઃશુલ્ક આપવામાં આવ્યું. આ અવસર પર શાંતિ વેદના સદન, રાજનગર, નવી દિલ્હીમાં કેન્સરના દર્દીઓને દવાઓ અને ફળ વહેંચવામાં આવ્યા. વિભિન્ન ધર્મના સંત મહાત્માઓને એક જ મંચ પર બેસાડવાનો શ્રેય પણ પરમ સંત કૃપાલ સિંહજી મહારાજને જ જાય છે. જેના પરિણામ સ્વરૂપ તેમની અધ્યક્ષતામાં ચાર વિ ધર્મ સંમેલન આયોજિત કરવામાં આવ્યા જેમાં તેમણે વિભિન્ન ધર્મના અનેક સંત મહાત્માઓને એક જ મંચ પર બેસાડવાનું મહાન કાર્ય કર્યુ. જયાં તેમણે એકબીજા જોડે વિચાર વિમસ કરીને એ અનુભવ કર્યો કે ભલે આપણે અલગ અલગ ધર્મોથી સંબંધ રાખીએ છીએ પરંતુ એક જ પિતા પરમેરના સંતાન હોવાના નાતે વાસ્તવમાં આપણે બધા એક જ છીએ. તેમના આ મહાન યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે.તેઓ પહેલા એવા મહાપુરૂષ હતા જેમણે ૧ ઓગસ્ટ, ૧૯૭૪ ના રોજ ભારતીય સંસદને સંબોધિત કર્યુ. જેમાં તેમણે કહ્યું કે 'જો આપણે વિ કલ્યાણની ઈચ્છા રાખીએ છીએ તો શાસનમાં પણ રૂહાનિયતને લાવવી પડશે'. ૨૧ ઓગસ્ટ ૧૯૭૪ના દિવસે પરમ સંત કૃપાલ સિંહજી મહારાજના નિજધામમાં પ્રસ્થાન કરવાના પછી દયાલ પુરૂષ સંત દર્શન સિંહજી મહારાજે તેમનું કાર્ય આગળ વધાર્યુ અને તેમના ઉપરાંત સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિમાં પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ દ્વારા શરૂ કરાયેલા રૂહાનિયતના કાર્યને બહુ જ તે જ ગતિથી ફેલાવી રહ્યા છે. સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ પ્રસારિત કરી રહ્યા છે જેમના ફળ સ્વરૂપે એમને વિભિન્ન દેશો દ્વારા અનેક શાંતી પુરસ્કારોની સાથે સાથે પાંચ ડોકટરેટની ઉપાધિયોથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

સાવન કૃપાલ રૂહાની મિશનના આજે સંપૂર્ણ વિમાં ૩૨૦૦થી પણ વધારે કેન્દ્ર સ્થાપિત છે તથા મિશનનું સાહિત્ય વિની ૫૫ થી વધુ ભાષામાં પ્રકાશિત થઈ ચૂકયું છે. આનું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપર વિલે અમેરિકામાં સ્થિત છે.

# લીલીયા મોટાનાં શિક્ષકે આદિમાનવથી સ્થાયી જીવન સફરનું મોડેલ રજૂ કર્યુ





લીલીયા, તા. ૨૧

લીલિયા કન્યાશાળાનાં સામાજિક વિજ્ઞાનના શિક્ષક અશરફભાઈ કાજી દ્વારા સામાજિક વિજ્ઞાન વિષયના ધોરણ–૬ નાં પાઠ–૨ અંતર્ગત આદિમાનવથી સ્થાયી જીવનની સફર પાઠની મોડલ બનાવી સમજ આપી આદર્શ મોડલ દ્વારા સમજ આપવાથી બાળકોમાં જે તે વિષયની સંકલ્પના સ્પષ્ટ કરી અઘરા વિષય અને એકમને સરસ કરી ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરવાની યુકિત સાર્થક કરી છે.

# બાબરા : ચિત્રકૂટ સોસાયટીમાં શ્રી વિશ્વેશ્વર મહાદેવની સ્થાપના





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરામાં ચિત્રકૂટ સોસાયટીમાં પવિત્ર શ્રાવણ માસનાં પ્રથમ સોમવારે અહીં વિશ્વેશ્વર મહાદેવની સ્થાપના કરવામાં આવી હતી.

અહીં સોસાયટીમાં રહેતા વિજયભાઈ તેમજ હરપાલસિંહ વાઘેલા દ્વારા મહાદેવની પૂર્ણ શ્રદ્ધા અને ભકિતસભર પૂજન અર્ચન કરી સ્થાપના કરવામાં આવી હતી.

વિધિ વિધાન સાથે વિદ્વાન ભુદેવ અનિરૂદ્ધભાઈ પાઠક દ્વારા મહાદેવની સ્થાપના કરાવવામાં આવી અને સમગ્ર આયોજન મંદિરનાં પુજારી પૂજય જયસુખબાપુ કુબાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

મોટી સંખ્યામાં સોસાયટીનાં રહીશો ઉપસ્થિત રહ્યાં હતાં.

# શાળાકીય ક્રિકેટ સિલેકશન માટે ૨૫ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૨૧

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અમરેલી દ્વારા અખિલ ભારતીય શાળાકીય અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ ભાઈઓ તેમજ બહેનોની સિઝન ક્રિકેટ સ્પર્ધાનાં સિલેકશન ટ્રાયલ આગામી તા.૨૭ અને તા.૨૮ આગસ્ટે અમરેલી સ્થિત શ્રી સમર્થ વ્યાયામ મંદિર, લાઠી રોડ ખાતે યોજાશે. સિલેકશન ટ્રાયલમાં ભાગ લેવા માંગતી શાળાઓ દ્વારા ખેલાડીઓની એન્ટ્રી તા. ૨૫/૦૮/૨૦૨૩ સુધીમાં કરવી. જે વિગતો જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અમરેલી, ચિતલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતે ફરજિયાત મોકલી આપવી. સમય મર્યાદા બાદની એન્ટ્રી પહોંચાડનાર શાળાના વિદ્યાર્થીઓ પસંદગી પાત્ર રહેશે નહીં. સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી માટે કટ ઓફ ડેટ : અંડર ૧૯ તા. ૦૧/૦૧/૨૦૦૫ અને તેના પછી જન્મેલા ખેલાડી (ભાઈઓ/બહેનો), અંડર ૧૭ તા. ૦૧/૦૧/૨૦૦૭ અને તેના પછી જન્મેલા ખેલાડી (ભાઈઓ/બહેનો), અંડર ૧૪ તા. ૦૧/૦૧/૨૦૧૦ અને તેના પછી જન્મેલા ખેલાડી (ભાઈઓ/બહેનો) અરજી કરી શકશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી ભાઈઓ/બહેનો ફરજિયાત ધો. ૯ થી ધો.૧૨માં અભ્યાસ કરતાં હોવા જરૂરી છે. ભાગ લેનાર ખેલાડીઓએ સિઝન ક્રિકેટ કીટ સાથે લાવવાની રહેશે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## નારદ

નારદ સારા વકતા છે, નીતિકુળ ન્યાયશાસ્ત્ર વિશારદ છે. ચાર પુરુષાર્થના અર્થજ્ઞ છે. ચૌદ ભુવનના આ અખંડ પ્રવાસી સાંખ્ય અને યોગના જ્ઞાતા પણ છે.

નારદ સંગીતયજ્ઞ છે. નાદબ્રહ્મના ઉપાસક નારદે સમજાવ્યું છે કે નાદ વગર ઉત્પન્ન થયેલું છે અને નાદબ્રહ્મમાં એકરસ છે. એમણે ધારણ કરેલી બ્રહ્માજીએ તેમને આપેલી 'મહતી' વીણા જગવિખ્યાત છે. એ વીણામાં ૨૧ તંતુઓ હતા ! નારદની વીણામાંથી અલૌકિક સ્વરાવલિઓનું સંમિશ્રણ રજૂ થતું. એમના વીણાવાદનમાંથી જ ભગવતી શારદાનો એસો ાસક્ષાત્કાર કરી શકયા અને પછી સમસ્ત બ્રહ્માડમાં વીણાની ઝંકૃતિ સાથે જયારે એમણે નાદબ્રહ્મની આરાધના કરી, પોતાની સંગીતરૂપી ભાગીરથીની ધારાને પ્રવાહિત કરી ત્યારે એ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકયા. 'નારાયણ, નારાયણ' શબ્દ અને હાથમાં તંબૂર એ જ તો નારદજીની મુખ્ય ઓળખ છે. કહેવાય છે કે રુદ્રપ્રયાગમાં ભગવાન શંકરે નારદને સંગીતજ્ઞાન આપ્યું હતુ. શિવજી પાસેથી સંગીત શીખીને એમણે તંબૂરમુનિના સંગીત ઉપર સરસાઈ સાબિત કરેલી. સંગીતની મુખ્યત્વે ચાર પરંપરા ગણાય છે. જેમાં શિવમત, કૃષ્ણમત, હનુમંતમતનો સમાવેશ થાય છે તથા નારદને ગાંધારગ્રામના ઉપદેષ્ઠા માનવામાં આવે છે.

નાટક, ગાયન, વાદન અને નૃત્ય એ ચાર અંગોની વિસ્તૃત છણાવટ ભરતમુનિએ 'નટયશાસ્ત્ર'ની રચના દ્વારા કરી. ભારતની આ મહાન કલાઓને ભરતમુનિએ જયારે પોની નજરે નિહાળી અને નાટયશાસ્ત્રની રચના કરી ત્યારે તે સમારંભમાં ૪૩ ઋષિઓ ઉપસ્થિત હતા. નારદમુનિ તેમાના એક હતા તેવો આધારભૂત ઉલ્લેખ છે. 'નારદીય શિક્ષા' નામના સંગીતના ગ્રંથના રચયિતા પણ નારદમુનિ હતા, પરંતુ તે આ દેવર્ષિ નારદ નહીં, પણ અન્ય કોઈ નારદમુનિ હતા તેવું વિદ્વાનો માને છે. નારદમુનિ નૈષ્ઠિક બ્રહ્મચારી છે. ચાર પ્રકારના બ્રહ્મચારીઓ હોય છે, તેમાં પ્રથમ 'સાવિત્ર' કહેવાય. આવા બ્રહ્મચારી દીક્ષા લે અને યજ્ઞોપવીતવિધી પછી ઓછામાં ઓછા ત્રણ દિવસ બ્રહ્મચર્યા પાળે. બીજા બ્રહ્મચારી તે 'પ્રાજાપત્ય' આ બ્રહ્મચારી દીક્ષા દીધા પછી ઓછામાં ઓછું એક વર્ષ સુધી કડક બ્રહ્મચર્યનું પાલન કરે. ત્રી બ્રહ્મચારી તે 'બ્રહ્મબ્રહ્મચારી', આ બ્રહ્મચારી દીક્ષાના સમયથી વેદનશાસ્ત્રોનું અધ્યક્ષ પુરું થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળે. ત્યાર પછીના તે 'નૈષ્ઠિક બ્રહ્મચારી', જે સમગ્ર જીવન દરમિયાન બ્રહ્મચર્ય પાળ ે. આમાંથી પ્રથમ ત્રણ 'ઉપક્રમ' છે. આ પ્રકારના બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યનો સમય પુરો થાય પછી પરણી શકે છે, નૈષ્ઠિક બ્રહ્મચારી કામસંબંધનો સંપૂર્ણપણે ત્યાગ કરે છે. તેથી જ સનત્કુમારો અને નારદમુનિ નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે પ્રસિધ્ધ છે.


જીવનમાં બ્રહ્મચર્યની યોજના ખાસ કીરને એ દ્રષ્ટિએ લાભકારી છે કે તેનાથી સ્મરણશકિત અને નિર્ણયશકિત વૃદ્ધિ પામે છે. નારદજી નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી જે કાંઈ પોતાના આધ્યાત્મિક ગુરુ પાસેથી સાંભળતા તે યાદ રાખી શકતા અને તે કોઈ દિવસ ભૂલતા નહીં. જે મનુષ્ય દરેક વસ્તુ સતત યાદ રાખે છે તે 'શ્રુતધર' કહેવાય. શ્રુતધરો ગ્રંથો કે નોંધોના પુનઃ અભ્યાસ વિના જે કાંઈ સાંભળે છે તે શબ્દેશબ્દ ફરીથી બોલી શકેછે. મહર્ષિ નારદજીમાં આ ગુણ છે અને તેથી નારાયણઋષિ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરીને તેઓ સમગ્ર જગતમાં ભકિતમય સેવાનું તત્વજ્ઞાન પ્રસરાવવા સમગ્ર જગતમાં ઘૂમે છે. દરેક ઉપદેશનું સચોટ સ્મરણ હોવાથી તેઓ અત્યંત વિચારશીલ, આત્મસાક્ષાત્કારને પામેલ અને પ્રભુસેવામાં પૂર્ણપણે સ્થિર થયેલા. આમ, દેવર્ષિ નારદજી પોતાના આધ્યાત્મિક ગુરૂ નારાયણઋષિ પાસેથી શ્રવણ કરીને સંપૂર્ણ સાક્ષાત્કાર પામ્યા, સત્યમાં પ્રતિષ્ઠિત થયા.

ભકિતમાર્ગના બાર આચાર્યોમાં નારદજી મુખ્ય ગણાય. પ્રત્યેક વ્યકિતમાં જ્ઞાન, ભકિત અને કર્મનું પ્રમાણ વત્તુંઓછું અને છતાંયે કંઈક હોવાનું તો ખરું જ . પ્રત્યેક માનવીએ પોતાની પ્રકૃતિ અનુસાર સહજધર્મ પાળવો ઈષ્ટ છે. જ્ઞાન વિનાનું કર્મ વૈતરું છે, તો ભકિત વિનાનું જ્ઞાન શુષ્ક છે. ભકિત વિનાનું કાર્ય કર્મ તો બોજારૂપ. નારદજીને પૂછાયું : ''ભકિત એટલું શું?'' નારદજીએ ટૂંકામાં ટૂંકો જવાબ આપ્યો : ''યથા વ્રજગોપિકાનામ !'' વ્રજની ગોપીઓ એટલે કેવળને કેવળ પ્રેમલક્ષણા ભકિત.'' ''નારદભકિત સૂત્ર''માં કહયું છે : '''પરમપ્રેમરૂપા અમૃતસ્વરૂપા ચ ।'' ''ભકિત પ્રેમ સ્વરૂપ છે, અમૃતસ્વરૂપ છે.'' નારદજીના આ ચિંતનને કારણે ભકિતને વિશિષ્ટ માન અને સ્થાન મળ્યા છે.

ભકિત અને સમર્પણ એટલે જ સાચી બુદ્ધિમત્તા. પ્રહ્લાદ જયારે માતાના ગર્ભમાં હતા ત્યારે ગર્ભસ્થ બાળ કને લક્ષમાં રાખી નારદજીએ દૈત્યરાજની મહારાણીને ઉપદેશ આપેલો. ગમે તેવો પાપી હોય, પણ જો તે નારદજીને મળે તો નારદજી તેને પરમાત્મા તરફની ગતિનો યાત્રી બનાવી દેવા સક્ષમ હતા. નારદજી ભગવાનના મનનો અવતાર હતા. પરમાત્મા જે કાંઈ કરવા ઈચ્છે તે દેવર્ષિ નારદ દ્વારા એવી જ ચેષ્ટાઓ થતી રહેતી.

ભગવાનના કીર્તનના એઓ પરમ અચાર્ય છે. નારદજીએ પ્રતિજ્ઞા લીધેલી **(ક્રમશઃ)**

## આપણા ઋષિઓ...





સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા

સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

### દયારામબાપુનાં સર્કલ નજીક

# બાબરા ખાતે સનાતન હિન્દુ સંગઠન દ્વારા સનાતન ધર્મનાં ધ્વજની સ્થાપના

## સાધુ, સંતોની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

સમસ્ત હિંદુ સંગઠન બાબરા દ્વારા આયોજીત વિક્રમ સવંત ૨૦૭૯ ને શ્રાવણ સુદ પાંચમને સોમવારનાં રોજ સવારે શ્રી દયારામ બાપુ સર્કલ ખાતે દયારામ બાપુની પ્રતિમાનું પૂજન અર્ચન કરી શ્રી દયારામ બાપુની પ્રતિમા પાસે સનાતન ધર્મનો કાયમી ધ્વજ સ્થાપિત કરવામાં આવેલ હતો. પરમ પૂજય સંતશ્રી ઘનશ્યામદાસ બાપુ(તાપડીયા આશ્રમ બાબરા), મહામંડલેશ્વર મહંત શ્રી દેવકીનંદન દાસજી (ખાખીબાપુ) મોટા રામજી મંદીર, બાબરા. મુખ્ય અતિથિ ભયલુબાપુ, સંચાલક પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા પાળ ીયાદ(વિહળધામ) અખિલ ભારતીય સંત સમિતિ કાયમી સદસ્ય, સંતો દ્વારા કાયમી ધ્વજ લહેરાવવામાં આવેલ હતો અને આશીર્વચન આપવામાં આવેલ હતા. સમસ્ત હિંદુ સંગઠન બાબરા તથા ભગવાધારી ગૃપ દ્વારા આ કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવેલ હતું. બાબરાની સૌ ધર્મ પ્રેમી જનતા આસ્થાભેર જોડાઈ હતી.

# અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૧, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અમરેલી દ્વારા અખિલ ભારતીય શાળાકીય અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ ભાઈઓ તેમજ બહેનો માટે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

જિલ્લાનાં તમામ વિસ્તારની તમામ શાળાનાં ખેલાડીઓને જુદી–જુદી ૧૯ રમત ચેસ, ફૂટબોલ, ટેનિસ, કરાટે, આર્ચરી, સાયકલીંગ, બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, જિમ્નાસ્ટિક, ટેકવેન્ડો, હેન્ડબોલ, કુસ્તી, સ્વીમીંગ, ટેબલ ટેનિસ, સ્કેટિંગ, યોગાસન, હોકી, જુડોનું આયોજન કરવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ખેલાડીઓ ભાગ લે તે માટે અનુરોધ છે. તમામ શાળાઓએ જિલ્લાકક્ષાની આ સીધી સ્પર્ધામાં તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં શાળાનાં ખેલાડીઓની એન્ટ્રી જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત વિકાસ કચેરી, ચિત્તલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતે મોકલવી. સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી માટે કટ ઓફ ડેટ : અંડર ૧૯ તા.૦૧/૦૧/૨૦૦૫ અને તેના પછી જન્મેલા ખેલાડી (ભાઈઓ/બહેનો), અંડર ૧૭ તા.૦૧/૦૧/૨૦૦૭ અને તેના પછી જન્મેલા ખેલાડી(ભાઈઓ/બહેનો), અંડર ૧૪ તા.૦૧/૦૧/૨૦૧૦ અને તેના પછી જન્મેલા ખેલાડી (ભાઈઓ/બહેનો) અરજી કરી શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી ભાઈઓ/બહેનો ફરજિયાત ધો. ૯ થી ધો. ૧૨માં અભ્યાસ કરતાં હોવા જરૂરી છે. વધુ માહિતી માટે ૦૨૭૯૨–૨૨૧૯૬૧ પર સંપર્ક કરવા અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ગરીબ અને મધ્યવર્ગીય પરિવારોની ચિંતામાં સરકારી અન્ય વિકાસ કાર્યોમાં નાણાની જરૂરિયાત હોવાથી


# રાંધણગેસ, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો નહી થાય

**છેલ્લા થોડા દિવસોથી મિડીયા જગતમાં ભાવ ઘટાડાની ચાલતી અટકળો ઉપર પેટ્રોલીયમ મંત્રીએ પૂર્ણવિરામ મુકી દીધું**

**શાકભાજી, કઠોળ, ખાદ્યતેલ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવ વધે નહી તે માટે સરકાર પ્રયત્નશીલ**

**પેટ્રોલ-ડીઝલનાં ભાવ ઘટાડાથી મોંઘવારીમાં કોઈ રાહત થશે નહી તેવું સરકારનું તારણ**

**પેટ્રોલ-ડીઝલનાં ભાવ વધારાથી મોંઘવારી વધતી હોવાનું ૧૦ વર્ષ પહેલા કહેનાર આગેવાનોનું નવું સંશોધન**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૨૧

ભારત દેશનાં કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો છેલ્લા અઠવાડીયાથી મિડીયા જગતમાં પેટ્રોલ–ડીઝલનાં ભાવ ઘટશે તેવી વિગતો પ્રસિધ્ધ થવાથી મોંઘવારી ઘટશે તેવા સપનાઓ જોતા હતા. તેના પર કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીએ પાણીઢોળ કરી દીધું છે અને તેઓએ નવું સંશોધન કર્યુ છે કે પેટ્રોલ–ડીઝલનાં ભાવ ઘટાડવાથી મોંઘવારી ઘટશે નહી તો પછી ૧૦ વર્ષ પહેલા અત્યારનાં શાસકો અને તે સમયે વિપક્ષી આગેવાનોએ પેટ્રોલ–ડીઝલનાં ભાવ વધવાથી મોંઘવારી વધે છે તેવું કરેલ સંશોધન નકામું સાબિત થયું છે.

કેન્દ્રની મોદી સરકારે આ વર્ષની પાંચ રાજયોની ધારાસભા ચૂંટણીઓ તથા આગામી વર્ષની લોકસભા ચૂંટણી પૂર્વે હવે મોંઘવારી મુદો હાથમાં લીધો હોવાના તથા ખાસ કરીને જે રીતે આંત્તરરાષ્ટ્રીય સહિતના કારણોથી ઘઉં, દાળ, ખાદ્યતેલના ભાવ તથા સીઝનલ અસર હેઠળ શાકભાજીનાં ભાવમાં પણ વધારો થયો છે તે સંથોગોમાં મોંઘવારી સામે લડવા માટે રૂા. ૧ લાખ કરોડનું ખાસ ભંડોળ ઉભું કર્યાના તથા આગામી સમયમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### માલઢોર ચરાવતા હોય ત્યારે બનાવ બન્યો

## રાજુલાનાં વડ ગામનાં વૃધ્ધનું ધાતરવડી નદીમાં અકસ્માતે પડી જવાથી મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૧

રાજુલા તાલુકાના વડ ગામે રહેતાં અને માલઢોર ચારવાનો ધંધો કરતાં એક ૭૨ વર્ષિય વૃધ્ધ ગઈકાલે વડ ગામ પાસે આવેલ ધાતરવડી નદિના કિનારે પોતાના માલઢોર ચારવા માટે ગયા હતા. ત્યારે કોઈ કારણસર તે અકસ્માતે પાણીમાં પડી જતાં તેમનું પાણીમાં ડુબી જવાથી તેમનું મોત થયું હતું.

અનુસંધાન પાના ૬ ઉપર



### અમરેલી શહેરની મધ્યમાં આવેલ શાકમાર્કેટ નજીક દિનદહાડે જાહેરમાં

## તીનપત્તીનો જુગાર રમતા ૫ પત્તાપ્રેમી ઝડપાયા

**રોકડ સહિત રૂા. ૧.૮૨ લાખનો મુદ્દામાલ પણ ઝડપાયો**

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરની મધ્યમાં આવેલ શાકમાર્કેટ પાસે આજે બપોરનાં લગભગ ૧૨–૪૫ નાં સમયે મોટો જુગાર રમાતો હોવાની બાતમી અમરેલી સીટી પોલીસને મળતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ અને દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલા અમરેલીમાં રહેતા સમીરભાઈ બાબુભાઈ પ્રેમાણી, સાજીદભાઈ સદરૂભાઈ દોઢીયા, સલીમભાઈ ઉર્ફે ગુલાબી અલારખભાઈ સોલંકી, અમીનભાઈ રહીમભાઈ ડાયાતર તથા કરીમભાઈ બાબુભાઈ લાખાણીને જુગાર રમતા રંગે હાથ રોકડ રકમ રૂા. ૧૬૨૫૦, મોબાઈલ ફોન નંગ–૫ કિંમત રૂા. ૫૦ હજાર, મોટર સાયકલ નંગ–૩ કિંમત રૂા. ૧,૧૫,૦૦૦ મળી કુલ રૂા. ૧,૮૧,૨૩૦નાં મુદામાલ સાથે પાંચેય આરોપીને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## નીલકંઠ મહાદેવને મહાકાલનો શણગાર

બાબરામાં પાંડવકાલીન જગ્યા પંચકુંડ ખાતે સ્વયંભુ બિરાજતા શ્રી નીલકંઠ મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં મોટી સંખ્યામાં. ભાવિકોની ભીડ જામે છે સવારે મહાદેવને રીઝવવા ભાવિકો દ્વારા દૂધ જળ સહિતના દ્રવ્યો વડે અભિષેક કરવામાં આવે છે. અહીં મંદિરના મહંત ભાવેશગીરી બાપુ દ્વારા નીલકંઠ મહાદેવને પવિત્ર શ્રાવણ માસમાં દિવ્ય અને અનુપન શણગાર કરવામાં આવે છે આજે પ્રથમ સોમવારે મહાકાલનો દિવ્ય શણગાર કરવામાં આવતા ભાવિકોએ દિવ્ય શણગારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### નીચેનાં પુલ પરથી પસાર થવું જોખમી

## અમરેલીનાં જેશીંગપરા માર્ગ પરનાં પુલની સેફ્ટી ગ્રીલ અને સ્ટ્રીટલાઈટ લગાવો

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ રજૂઆત કરી**



અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં જેશીંગપરા નીચલા પુલ ઉપર ચોમાસાના પાણીના વહેણ વહેવાથી સેફ્ટી ગ્રીલ તુટી ગયેલ છે. આ પુલ ઉપર ઘણા રત્નકલાકારો, ખેડુતો, વિદ્યાર્થી, રાહદારોઓને અવર–જવર કરવામાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો

અનુસંધાન પાના ૬ ઉપર

### જગતાત ગણાતા ખેડૂતોમાં ખુશી છવાઈ

## જાફરાબાદના ટીંબી ખાતે મુરઝાતી મોલાત ઉપર કાચા સોનારૂપી વરસાદ

**સમગ્ર પંથકનાં ખેડૂતોમાં ખુશીનો માહોલ**

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે એમ કેવાય કે જે જુલાઈનાં વરસાદની આખા ગુજરાતમાં જળ બંબાકાર કયા પછી ઓગસ્ટ મટીનાં એકવીસ દિવસ વરસાદ વિરામ લેતા હાલ દરેક જાતની ઉભેલી મોલાતને એક સારા વરસાદની જરૂર હતી. અને કેટલાય વિસ્તારમાં ખેતરોમાં કુવારા સિસ્ટમથી પણ ચાલુ કર્યા હતા. તો ઘણા ખેડૂતો આ માટેની ત્યારી કરી રહયા હતા. ત્યારે કુદરત ફરી કાચા સોના રૂપી મોલાત ઉપર ટેનરૂપી વરસાદ વરસાવતા જગતનાં તાતમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આજ સવારથી વરસાદરૂપી વાદળા ઘટાટોપ જોવા મળ્યા હતા. બપોરથી વરસાદરૂપે ધીમી ધારે ચાલુ થતા ખુશી જોવા મળી હતી.

### કોરોનાકાળમાં સિટી બસ માટે બિલ મંજુર કરાવતા

## અમરેલીના આરએસ રોડ લાઇન્સને રૂપિયા ૬.૧૭ લાખ પરત જમા કરાવવા નોટિસ

**બિલ પાસ કરનાર સહિત તમામ સામે કાર્યવાહી કરવાની ચીમકી**

અમરેલી તા.૨૧

અમરેલી નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ સિટીબસ સંચાલન કોન્ટ્રાકટમાં જવાબદાર કોન્ટ્રાકટરે કોરોના કાળમાં સિટીબસ બંધ રાખવાની ગાઈડલાઈનનો ઉલાળિયો કરી નગરપાલિકા સાથે કરેલ રૂા.૬.૧૭ લાખના બિલની રકમ દિન દસમાં નગરપાલિકામાં જમા કરવામાં ન આવે તો ફોજદારી રાહે પગલાં ભરવા ચીફ ઓફિસર દ્વારા આજે કોન્ટ્રાકટરને નોટિસ આપવામાં આવેલ.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી નગરપાલિકા દ્વારા આર.એસ. રોડલાઈન્સ અમરેલીના પ્રો.રફીકભાઈ સલુભાઈ અગવાન C/o. રાજુભાઈ આમદભાઈ બિલખિયાને સિટીબસ સંચાલન અર્થેનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો.

કોરોનાકાળમાં સિટીબસ બંધ રાખવાની સરકારની ગાઈડલાઈન હોવા છતાંપણ નગરપાલિકા દ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)